

તું તને પ્રભુપણે સ્થાપ! તારી પ્રભુતાનો સ્વીકાર કર! આ પ્રભુતાની પ્રતીતિનું અંતરથી જોર આવશે તો જ સ્વસંવેદન પ્રગટ થશે.

—સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૪ સં. ૨૦૫૦ (૬૧૧) * આત્મધર્મ * (અંક-૩ વર્ષ-૫૧) વીર સં. ૨૫૨૦ સપ્ટેમ્બર, ૧૯૯૪

## 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* સમ્યગ્દૃષ્ટિને લખને યોગ્ય, ગ્રહણ કરને યોગ્ય, અનુભવ કરને યોગ્ય અપને આત્માકે સ્વભાવકો અનુભવ કર લિયા હૈ. વહ આત્મિક પદકે ભીતર જમનેમેં વિચક્ષણ હો ગયા હૈ. ભેદવિજ્ઞાનકી કલાસે સમ્યક્ત્વીકે ભીતર સ્વાનુભવકી કલા જગ ગઈ હૈ. ઉસને ઉદ્યોતરૂપ આત્મદર્શનકો દેખ લિયા હૈ તથા પ્રકાશમાન અપને પ્રિય પરમાત્મ-સ્વભાવકો પ્રગટ કરનેકા પ્રેમ ઉસને પ્રાપ્ત કર લિયા હૈ.

(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૧૧૦)

* એક પોતાના આત્મા સિવાય અન્ય કોઈ વેરી નથી. માટે હે યોગી! જે ભાવથી તેં કર્મોનું નિર્માણ કર્યું તે પરભાવને તું મટાડ.

(મુનિરાજ રામસિંહ, પાહુડ-દોહા, ગાથા-૧૧૭)

* આ સંસારમાં વિષયાંધ જીવોએ કૌતુહલપૂર્વક ભોગવી ભોગવીને છોડેલાં પદાર્થોને મોહમૂઢ જીવ ફરી ફરી ઇચ્છે છે. તું એ પરવસ્તુરૂપ ભોગાદિમાં એટલો તીવ્ર રાગી થયો છે કે તેને તું વારંવાર આશ્ચર્યયુક્ત અને મહત્ત્વપૂર્ણ દૃષ્ટિએ જોઈ રહ્યો છે કે જાણે આ ક્ષણ પહેલાં એ ભોગાદિ પદાર્થો પૂર્વે મેં ક્યારેય દીઠાં નથી કે અનુભવ્યાં નથી. પણ ભાઈ! એ ભોગાદિ પદાર્થો તેં પૂર્વે અનંતવાર ભોગવ્યાં છે. અરે! તેં એકલાએ જ નહિ પણ અનંત જીવોએ અનંતવાર તારા જ વર્તમાન અભિલાષીત ભોગાદિક પદાર્થો ભોગવ્યાં છે અને છોડયા છે. પણ ભાઈ! તેની તને કાંઈ પણ સુધ રહી નથી, તેથી જ એ તારી તથા બીજાં અનંત જીવોની અનંતવાર છોડેલી ઉચ્છીષ્ટ (એંઠ) ને તું વારંવાર ફરી ફરી આદરયુક્ત ભાવે અને આશ્ચર્યયુક્તપણે ગ્રહણ કર્યા કરે છે.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૫૦)

* વિદ્વાન સાધુની બુદ્ધિરૂપી નદી આગમમાં સ્થિત થઈને નિરંતર ત્યાં સુધી જ આગળ આગળ દોડે છે જ્યાં સુધી તેનું હૃદય ઉત્કૃષ્ટ આત્મતત્ત્વના જ્ઞાનથી ભેદાતું નથી.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, સદ્બોધ ચંદ્રોદય, ગાથા-૩૬)

કહાન
સંવત-૧૪
વર્ષ-૫૧
અંક-૩
[૬૧૧]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૦
સં. ૨૦૫૦
SEPT
A.D. 1994

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## શરીરની મમતામાં પોતાના પરમાત્માને ખોઈ બેઠો છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૫૧)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના પ્રથમ અધિકારની આ ૭૦મી ગાથા છે.

ભગવાન આત્મા તો શુદ્ધ જ્ઞાનાનંદસ્વરૂપ છે તો આ બ્રાહ્મણ, ક્ષત્રિયાદિ ચાર વર્ણ, ત્રણ લિંગ, રોગાદિ બધું કોને છે? યોગીન્દ્રદેવ કહે છે કે આ ચાર પ્રકારના વર્ણ, લિંગ, રોગાદિ બધું શરીરને છે.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર પ્રકારના વર્ણો દેહના સંયોગથી થયા છે. ખરેખર આત્માને એવા કોઈ વર્ણ નથી. વાત, પિત્ત, કફ આદિ અનેક પ્રકારના રોગો પણ દેહમાં છે. આત્માને કોઈ રોગ નથી. આત્મામાં એટલે મારામાં રોગ છે એમ માનવું એ ભ્રમણા છે, મિથ્યાત્વ છે, દેહના રોગને મારા માનવા એ વિપરીત દૃષ્ટિ અથવા પાપદૃષ્ટિ છે.

રોગાદિ તો જડની અવસ્થા છે. તેને જીવની અવસ્થા માનવી એ વિપરીત દૃષ્ટિ છે. વળી પુલિંગ, સ્ત્રીલિંગ અને નપુંસકલિંગરૂપ ચિન્હો પણ દેહમાં છે છતાં આત્મા પોતાને સ્ત્રી, પુરુષ કે નપુંસકલિંગવાળો માને છે તે તેની મિથ્યા દૃષ્ટિ છે તેને આત્મા શું ચીજ છે એ ખબર જ નથી.

યતિનું લિંગ જે વસ્ત્રરહિત નગ્નદશા તે પણ દેહની દશા છે, જીવની દશા નથી. દ્રવ્યમન એ પણ જડ રજકણનું બનેલું છે તેને જીવ મારું માને છે એ તેની વિપરીત માન્યતા છે.

ભાવાર્થઃ–શુદ્ધાત્માનું સાચું શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણરૂપ અભેદ રત્નત્રય તે નિશ્ચય રત્નત્રય અથવા મોક્ષનો માર્ગ છે. આનંદકંદ નિજ શુદ્ધાત્માની સન્મુખના આ પરિણામથી વિપરીત—શુદ્ધાત્માથી વિમુખ જે રાગ-દ્વેષ-મોહરૂપ પરિણામ થાય છે તેનાથી કર્મો બંધાય છે.

શુદ્ધાત્માની સન્મુખના પરિણામથી તો કર્મ ન બંધાય, તેનાથી તો મુક્તિ થાય પણ શુદ્ધાત્માથી વિમુખ એવા શુભ-અશુભભાવથી કર્મ ઉપજે છે અને એ કર્મોથી જીવના સંયોગમાં રહેલા શરીરમાં વર્ણ, રોગ, લિંગાદિ ઉપજે છે તેથી વ્યવહારનયથી તો તે બધાંને જીવના કહેવાય છે. પર્યાયમાં જીવને તે બધાં સાથે સંબંધ છે પરંતુ વાસ્તવિક ચૈતન્યની દૃષ્ટિથી જોતાં જીવમાં જન્મ, મરણ, લિંગ, રોગ, વર્ણાદિ કાંઈ નથી. એ બધાં દેહના ધર્મો છે. દેહમયી ભાવો છે. તેની અસ્તિ છે. રોગ, લિંગાદિ કાંઈ છે જ નહિ એમ નથી. 'બ્રહ્મ સત્ અને જગત્ મિથ્યા' એમ નથી. જીવ છે, રાગ-દ્વેષ-મોહ છે, તેનાથી ઉપજેલા કર્મો છે અને કર્મોથી મળેલાં દેહ, જન્મ, મરણ, રોગાદિ બધું છે.

અહીં તો એ કહેવું છે કે જીવની સત્તામાં તો જ્ઞાન, દર્શન, સુખ આદિ ગુણો અને તેની નિર્વિકારી અવસ્થા છે. જીવની સન્મુખ થતાં નિર્મળ પરિણામ થાય છે અને તેનાથી વિમુખ થતાં આસ્રવ અને બંધના વિકારી ભાવ થાય છે. તેનાથી કર્મો બંધાય છે. પુણ્ય-પાપરૂપ વિકારીભાવ પણ અજીવ સ્વભાવ છે, ચૈતન્ય ભગવાનનો એ સ્વભાવ નથી માટે તેને જડના ભાવો ગણવામાં આવ્યા છે. એ જડભાવોથી કર્મો બંધાય છે અને તેના ફળમાં દેહ અને જન્મ, જરા, રોગ, લિંગાદિ મળે છે તે મારા છે એમ માનીને જીવ મૂઢભાવે પ્રવર્તે છે.

જ્યારે 'હું તો આનંદકંદ જ્ઞાયક છું' એવી અંતરદૃષ્ટિ થતાં હું રાગ-દ્વેષરૂપ, દેહ, વાણી, મનરૂપ છું એવી પ્રીતિ ઉઠી જાય છે અને જ્ઞાનાનંદસ્વરૂપમાં પ્રીતિ થઈ જાય છે જ્યારે તે જીવને રાગરહિત શ્રદ્ધા, રાગરહિત જ્ઞાન અને રાગ રહિત સ્થિરતામાં સર્વ પ્રકારકે ઉપાદેયરૂપ એક શુદ્ધાત્મા જ રહે છે. સંસ્કૃતમાં यदा.....तदा શબ્દ છે ને! જ્યારે આ જીવ પુણ્ય-પાપભાવની રુચિ છોડી, શરીર, વાણી, મન આદિમાં હુંપણાની પ્રીતિ છોડી, ભગવાન આત્માની પ્રીતિમાં આવે ત્યારે તે વીતરાગ સદાનંદ રૂપ નિજભાવોરૂપે પરિણમે છે, નિર્વિકારપણે પરિણમે છે ત્યારે તેને આ શુદ્ધાત્મા જ ઉપાદેય છે એમ જણાય છે.

જે પરિણામમાં 'આ શુદ્ધાત્મા તે હું' એમ થયું તે પરિણામને વીતરાગી પરમાનંદરૂપ પરિણમન કહેવાય છે. આ શરીર, વાણી, મન, વિકલ્પ રોગાદિ મારા છે એવી માન્યતા હતી તે તો દુઃખરૂપ હતી—એ ભાવ તો મિથ્યા હતો. એ વિમુખભાવને છોડી સ્વભાવ-સન્મુખ પરિણામ થાય છે કે, 'આ હું જ્ઞાનાનંદસ્વભાવી આત્મા છું' એવી શ્રદ્ધા, જ્ઞાન અને તેમાં સ્થિરતા થાય છે તે નિજભાવ છે. તે નિજભાવના કાળમાં આ આત્મા ઉપાદેય થઈ જાય છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાનરૂપ અને અતીન્દ્રિય આનંદરૂપ છે તેની સન્મુખ પરિણામ થાય છે ત્યારે આ આત્મા જ ઉપાદેય છે એવી દૃષ્ટિ થાય, એ વિના તો પુણ્ય-પાપના ભાવ આદરણીય છે એવી માન્યતા તો મિથ્યાત્વ ભાવરૂપ છે. જેમ શરીરના રજકણ એક વસ્તુ છે તેમ આત્મા પણ એક વસ્તુ છે. અરૂપી છે માટે વસ્તુ નથી એમ નથી. અરે! પરમાણું તો એકપ્રદેશી વસ્તુ છે અને આત્મા તો અસંખ્યપ્રદેશી વસ્તુ છે. પરમાણુ રૂપી વસ્તુ છે તેમ આત્મા અરૂપી વસ્તુ છે અને તેમાં જ્ઞાન, આનંદ આદિ અનંતા ગુણો છે પણ આ

અજ્ઞાન તો જુઓ! પોતે જ જ્ઞાનથી જાણે છે કે આ શરીર આદિ વસ્તુ છે પણ જાણનારો પોતે પોતાને સ્વીકારતો નથી.

જીવ પોતાની હયાતીમાં જણાતાં પરદ્રવ્યોને સ્વીકારે છે કે 'આ છે' પણ હું છું એમ જોતો નથી. જેની અસ્તિમાં સત્તામાં—હોવાપણામાં—જેના ઘરમાં બધું જણાય છે તે બધાનો સ્વીકાર કરે છે પણ આ જાણનાર તે હું છું એમ પ્રતીત થતી નથી. જેમ બધું જણાય છે એવી પર્યાય એ આત્માનું ઘર છે તેમાં પોતે રહેલો છે પણ 'આ હું છું' એમ તેને પ્રતીત થતી નથી. જ્યારે શરીર, મન, રોગાદિમાં હુંપણાની પ્રીતિને છોડીને જાણનારમાં પ્રીતિ જોડે ત્યારે તે જીવને નિર્મળ શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતાના પરિણમનમાં આત્મા ઉપાદેય થયો કહેવાય. એ પહેલાં તો પુણ્ય-પાપના પરિણામમાં ઉપાદેય થયો કહેવાય. એ પહેલાં તો પુણ્ય-પાપના પરિણામમાં ઉપાદેય બુદ્ધિ હતી, શરીરમાં હુંપણું હતું, સંયોગમાં રુચિ હતી તે બધી મિથ્યાબુદ્ધિ હતી.

શ્રોતાઃ—આ નક્કી કરવામાં વિલંબ કેમ થાય છે?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—પોતાને દરકાર નથી માટે વિલંબ થાય છે. બહારની દરકાર કેટલી છે કે, મારું શરીર આવું... મારી આંખો આવી... મારો અવાજ આવો.... મારા દાંત બહુ પાકા.... જે એક ક્ષણ પણ જીવના નથી, અંશમાત્ર જીવના નથી તેની કેટલી દરકાર છે! શરીરના અંગે અંગમાં એવું મારાપણું બેસી ગયું છે કે તેમાંથી ગુલાંટ મારીને જીવમાં હુંપણું કરવામાં મહા પુરુષાર્થ જોઈએ છે. શરીરમાં તો જાણે એ રંગાઈ ગયો છે. મારી આંખ સારી, મારી આંખ ખરાબ થઈ ગઈ, મારી ચામડીમાં કરચલી પડી ગઈ, મને ગુમડાં થયાં, મને રૂજ આવી, મને આમ થાય છે એમાં ક્યાંય એને જરાય ગોખવું પડતું નથી. ઘૂંટાઈ ગયું છે. તેમ એમાં જેમ દૃઢતા કરીને પડ્યો છે એમ મારું તો જ્ઞાન છે, મારામાં તો આનંદ છે, હું તો અરૂપી મહાન ચૈતન્ય પદાર્થ છું, બધા પદાર્થનો વિવેક કરવાની શક્તિ તો મારામાં છે, જડમાં એ તાકાત નથી. એમ મહિમા પૂર્વક ગુલાંટ ખાઈને સ્વમાં સ્વબુદ્ધિ થઈ જાય તો એનું કામ થઈ જાય.

ભાઈ! તુ જ્યાં નથી ત્યાં તેં તારા પુરુષાર્થને દૃઢ કર્યો છે તે પુરુષાર્થની ગતિ હવે ફેરવ! રાગમાં, પુણ્યમાં, પાપમાં, શરીરમાં પાકો રંગ ચડી ગયો છે તેને હવે ઉખાડ! જે કાળે ઉખેડીશ એ જ કાળે તને આત્મા ઉપાદેય થઈ જશે એમ અહીં કહેવું છે. નિજ આત્માની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં રમણતા થતાં અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે, તે વખતે રમણતા થતાં અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય છે, તે વખતે તેને એક શુદ્ધાત્મા જ ઉપાદેય છે એમ જાણો.

મુમુક્ષુઃ—સાહેબ! તેને માટે બળ આપો ને!

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—બીજાનું બળ તમને અડે નહિ એવું તમારું સ્વરૂપ છે. બીજાના બળની તમારે જરૂર નથી તમે પોતે અનંત વીર્યના ધણી છો. પણ જીવને પોતાની શક્તિનો વિશ્વાસ નથી આવતો કેમ કે, પોતે કોણ છે, કેવડો છે, શું પોતાની શક્તિ છે તેનો વિચાર

કરીને, મનન કરીને એણે નિર્ણય કર્યો નથી. જીવદ્રવ્યની સત્તામાં હોવાપણામાં અનંતજ્ઞાનની અને અનંત આનંદની પૂંજી છે, અનંત વીર્યની શક્તિનું સત્ત્વ અનંત પ્રભુત્વ, સ્વચ્છતા આદિ અનંત ગુણમય અસ્તિત્વ તે હું છું. એવો ગુણમય હું છું એવી દૃષ્ટિ થાય તેનો આત્મા ઉપાદેયપણે વર્તે છે.

આ ૭૦ ગાથા થઈ. હવે ૭૧ મી ગાથામાં કહે છે કે, આ જરા, મરણ આદિને જોઈને તું ડર નહિ. શરીરમાં રોગ આવે, વૃદ્ધાવસ્થા આવે, આંખ ફૂટી જાય, પગ દુઃખે એનાથી તું ડરી ન જા. કેમ કે એ કાંઈ તારામાં નથી. એ બધું શરીરમાં થાય છે. શરીર તો અન્ય દ્રવ્ય છે. તેમાં ફેરફાર થતાં તું શા માટે દુઃખી થાય છે!

देहहँ पेक्खिवि जर-मरणु मा भउ जीव करेहि ।
जो अजरामरु बंभु परु सो अप्पाणु मुणेहि ।। ७१ ।।

હે આત્મારામ! તું દેહના જરા-મરણ જોઈને ડર ન કર! તું તો અજર-અમર છો. જરા વિનાનો અજર છો અને મરણ વિનાનો તું અમર ભગવાન છો. માટે તું જરા-મરણથી ડર નહિ. ત્રણકાળમાં તને જરા કે મરણ નથી.

અહીં ડરવાની અપેક્ષાએ વાત લીધી છે એટલે જરા-મરણાદિથી ડર નહિ એમ કહ્યું છે અને જો રાગ ન કરવાનું કહેવું હોય તો જુવાની, નીરોગતા આદિ જોઈને હરખ ન કર! ન કર! એમ કહેવાય. બળદ જેવા પુષ્ટ યુવાન શરીરને જોઈને પ્રેમ ન કર! એ જુવાની તારામાં નથી. જરા અવસ્થા આવે ત્યારે તેને જોઈને ડર ન કર! એ અવસ્થા તને અડતી પણ નથી. તું વૃદ્ધ નથી થઈ ગયો. તું તો જરા–વૃદ્ધાવસ્થા વિનાનો અજર અને અમર છો. માટે તેનાથી ડર નહિ... ડર નહિ... ત્રણકાળમાં ક્યારેય તને જરા-મરણ આવવાના નથી માટે ડર નહિ પ્રભુ!

અહો! ૨૫ વર્ષના રાજકુમારો જે સમકિતી છે તે હજારો રાણીની વચમાં પણ જાણે છે કે આ જુવાની અમારી નથી, આ સ્ત્રીઓ અમારી નથી, આ વિકલ્પ ઉઠે છે તે અમારો નથી અમે તો જ્ઞાનાનંદથી ભરેલા ભગવાન છીએ. અમારા સ્વરૂપમાં આ જુવાની કે રાગાદિની ગંધમાત્ર પણ નથી અને જુવાની, સ્ત્રી, રાગ આદિમાં અમે નથી. રાજકુમારો જાણે છે કે અમે છીએ ત્યાં આ જુવાની, સ્ત્રી, ધનાદિ નથી અને એ છે ત્યાં અમે નથી.

જુવાનીથી જીવને ઓળખવો તે મૂઢતા છે. જુવાની પણ જીવને નહિ અને જરા-મરણ પણ જીવને ન હોય. એ....આ માણસ મરી ગયો... એમ બોલાય પણ જીવ મરી ન જાય ભાઈ! જીવ તો અમર છે. શુદ્ધનિશ્ચયનયથી જીવને જરા-મરણાદિ નથી, દેહને જરા-મરણાદિ છે માટે તું ભય ન કર! તું તો એમ સમજ કે જેવા જરા-મરણરહિત અખંડ પરબ્રહ્મ છે એવો જ હું છું. હું તો પરમાનંદની મૂર્તિસ્વરૂપ છું.

ભાઈ! તું તો પ્રભુ છો ને! વૃદ્ધાવસ્થાને દેખીને તારી પ્રભુતા કેમ ડગે! શરીરને રોગમાં સડતા જોઈને તું શું કામ મુંજાય છે! જુવાની આવતાં મૂછ ફૂટે ત્યાં તું શું હરખાય

છે! જીવને મૂછ કે વાળ ન હોય ભાઈ! કોઈને જન્મથી વાળ ન હોય તો એમ થાય કે અરે! મારે વાળ નહિ! મારી શોભા શું! મારા અવયવ આવાં ને બીજાના અવયવ સારાં... અરે! પણ તારે કે બીજા જીવને અવયવ જ ન હોય, જીવને શરીર જ ન હોય, તો અંગો ક્યાંથી તારા થાય! મૂઢ શરીરના રંગમાં રંગાઈને ભાન ભૂલી ગયો છે.

ભગવાન આત્મા અજર, અમર, અરોગી, બાહ્ય અંગ વિનાનો અરૂપી આનંદમૂર્તિ અતીન્દ્રિય આતમરામ છે. પરમબ્રહ્મ પરમાત્મા છે. આત્મા અતીન્દ્રિય આનંદની ખાણ છે. માટે ખોટો અભ્યાસ હવે છોડી દે.

આ જાણીતા માણસોમાં હું ગરીબ દેખાઉં, કે રોગી દેખાઉં, કે લાકડીવાળો કે કુરૂપ દેખાઉં તેની મને શરમ લાગે છે એની કરતાં અજાણ્યામાં જાઉં તો શરમ જ નહિ એવા વિચાર કરે. પણ પરમાં તારી એકતાબુદ્ધિ તું જ્યાં જઈશ ત્યાં તારી સાથે લઈને જા છો માટે દુઃખ તો ઊભું જ રહેશે. માટે ખોટી માન્યતા છોડીને તારી જાતને જાણી લે! હું તો જ્ઞાન ને આનંદ મૂર્તિ આત્મા છું એમ જાણ! મેં ભૂલથી સંયોગની હીનાધિકતાએ મારી હીનતા ને અધિકતા માની હતી એમ સમજ.

જ્ઞાન એ જ તારું શરીર છે. અરૂપી જ્ઞાનઘન આત્મા તે તું છો. માટે નિમિત્ત-નૈમિત્તિક સંબંધે શરીરને અને જરા-મરણાદિને જીવના કહેવાતાં હોવા છતાં ખરેખર શુદ્ધનિશ્ચયનયથી તે મારા નથી એમ જાણીને સર્વ ભય છોડ, નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે તેને જીવના કહેવાય છે પણ તે જીવના સ્વરૂપમાં નથી.

મુનિરાજના શરીરને શિયાળ ખાતાં હોય એ જાણીને મુનિની ધારા ઉલટી અંતરમાં વધી જતાં કેવળજ્ઞાન થઈ જાય તો શરીર પણ જેવું હોય તેવું થઈ જાય છે. ભગવાન આત્મા પોતાના સ્વરૂપમાં સરખો જામે છે ત્યાં શરીર શરીરના કારણે સરખું થઈ જાય છે. મુનિ તેને કાંઈ કરતાં નથી.

અહીં તો આત્મા કેવો છે તેને જાણવાની વાત છે, પરમાત્મપ્રકાશ કહે છે કે તારા પરમસ્વરૂપમાં જે હોય તે બધું તારું છે એ સિવાય જેને તે તારું માન્યું છે તે કાંઈ તારું નથી. માટે પરમાં મારાપણાની ભ્રમણા છોડી દે.

ઘરમાં ઘણા માણસ હોય ને બધાં મરી જતાં એકલો રહી જાય તો શું એ મરી જતો હશે! એ શરીર પણ એનું નથી તો બીજા તો ક્યાં એના હતા? મફતનો મૂરખ થઈને ગાંડાઈ ઊભી કરે છે કે મારી સ્ત્રી આમ મરી ગઈ ને દીકરાને આમ થઈ ગયું...વગેરે...પણ તારાએ હતાં જ નહિ તેથી તો ચાલ્યા ગયાં.

તું તારા ચિત્તમાં એમ સમજ કે 'હું જ સર્વોત્કૃષ્ટ ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ છું, મારા માટે મારાથી મોટું કોઈ નથી.' બહારની ચીજથી કે પરિવારાદિથી પોતાની મોટાઈ માનવી એ મૂઢતા છે. પૈસાના ને ચીજોના ઢગલાં હોય તેથી શું! એ તો વિષ્ટાના ઢગલાં છે. આત્મા તો અમૃતનો ઢગલો છે.

શ્રોતા :—તો આ મોહ ક્યાંથી ઘૂસી ગયો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—મોહ ક્યાંય બહારથી ઘૂસ્યો નથી. પોતે ઉત્પન્ન કર્યો છે. વેદાંતન જેમ છે જ નહિ એમ નથી. મોહ તો છે પણ સ્વરૂપમાં નથી. અજ્ઞાનથી મફતનો મોહ પોત ઊભો કર્યો છે. હવે જ્ઞાનને અંતરમાં વાળીને શુદ્ધતાનો—જ્ઞાયકનો આદર કર તો મોહ સ્વ ટળી જશે.

તું તારા જ્ઞાન અને શ્રદ્ધાને આત્મસન્મુખ કરીને આત્માને જ્ઞાન અને શ્રદ્ધામાં લઈ લે ઘણાં એમ પ્રશ્ન કરે કે આત્માની મહિમા કેમ આવે!.... ભાઈ! આત્માની મહિમા કરે તો આવે મહિમા કરે નહિ તો ક્યાંથી આવે! પરની મહિમા આડે તું આખો ખોવાઈ ગયો છો. તારી દૃષ્ટિન ગજ-માપ જ બધાં ઊંધા છે—ફલાણાને દીકરા મોટા પાંચ છે, રળાઉં છે અને પોતાનું શરીર પણ સારું છે અને મારું શરીર સારું નહિ અને છોકરા નાના છે માટે હું દુઃખી છું ભાઈ! એ બ તારી માત્ર કલ્પના છે. સંયોગથી સુખ કે દુઃખ કાંઈ થતું નથી.

પોતાનો પહેલાંનો નોકર હતો તે અત્યારે કરોડપતિ થઈ ગયો હોય તો એને જોઈ પણ આને પેટમાં બળે. ભાઈ! એ કરોડપતિ નથી. એ તો માત્ર તેની મમતા કરે છે. ધ ક્યાં જીવનું હતું! તું એને ધનવાળો તો નહિ પણ મમતાવાળો પણ ન જો. તારો આત્મ કે અન્યનો આત્મા મમતાવાળો હોય જ નહિ. કેમકે સ્વભાવથી જુઓ તો આત્મામાં મમત ન હોય. બીજાને મમતાવાળો જુએ છે કે સંયોગથી એનું માપ કાઢે છે તે માણસ પોતા પણ સંયોગીદૃષ્ટિથી જ જોશે.

બીજાને મારા... મારા... માને છે તે પોતાના ભગવાનને ખોઈ બેસે છે. મમતામ આત્મા પોતે જ ખોવાઈ જાય છે. જે મમતામાં ખોવાયા છે તેને તું મોટા કેમ માને છો મોટા તો એ છે કે જે ગુણોમાં વધે છે. જેની શુદ્ધતા વધી છે તે મોટા છે. જેના ગુણ પર્યાયમાં શુદ્ધતા વધી છે તે મોટા છે અને જેની શુદ્ધતા ઓછી છે તે નાના છે. બહાર કારણે નાના-મોટાપણું નથી.

તને નજરે આત્મા દેખાતો નથી પણ ખ્યાલમાં તો આવે કે નહિ! આંખ બંધ ક તો અંધારું દેખાય છે તે શેમાં દેખાય છે! તે જેમાં જણાય છે તેને જો. જોનારને જો ને

પાંચ ઇન્દ્રિયના વિષયો અને સમસ્ત વિકલ્પજાળને છોડીને પરમ-સમાધિમાં સ્થિર થ નિજ આત્માનું ધ્યાન કર! ધ્યાન કર! ભગવાન આત્મા તરફનું વલણ કરીને તેને ધ્યા એ આ ગાથાનુ તાત્પર્ય છે.

આગળની ગાથામાં કહેશે કે, શરીર છેદાઈ જાય, ભેદાઈ જાય, ક્ષય થઈ જાય પણ તું ભય ન કર. રોગાદિકાળે શરીરમાં-પૂંઠમાંથી લોહી ચાલ્યું જતું હોય તો જવા તેને ન જો, એ તારું નથી, તારા અધિકારમાં નથી, તેમાં જે થતું હોય તે થવા દે. તું ત જો અને તારું ધ્યાન કર! એવા અભિપ્રાયવાળી ગાથા હવે પછી કહેશે. *[ક્રમ*

❊ ❊ ❊

# પોતાનો સહારો પોતામાં જ છે

શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન

(સળંગ પ્રવચન નં. ૨૮)

સમયસાર નાટકનો આ જીવદ્વાર અધિકાર છે. જીવ કેવો છે કે જેને માનવાથી અને અનુભવવાથી સમકિતરૂપી પ્રથમ ધર્મની શરૂઆત થાય તેની વ્યાખ્યા અહીં કરી છે. આ ૩૨ મું પદ્ય છે. તેમાં ધોબીના દૃષ્ટાંતથી ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થાય છે તે બતાવ્યું છે.

जैसैं कोऊ जन गयो धोबीकै सदन तिन,
पहिर्यौ परायौ वस्त्र मेरौ मानि रह्यौ है ।
धनि देखि कह्यो भैया यह तो हमारो वस्त्र,
चीन्हैं पहिचानत ही त्यागभाव लह्यौ है ।
तैसैंही अनादि पुद्गलसौ संजोगी जीव,
संगके ममत्वसौं विभावतामैं बह्यौ है ।
भेदज्ञान भयौ जब आपौ पर जान्यौ तब,
न्यारौ परभावसौं स्वभाव निज गह्यौ है ।।३२।।

જેમ કોઈ મનુષ્ય ધોબીના ઘરે જઈ અને બીજાનું કપડું પોતાનું સમજીને લાવીને ઓઢીને સૂઈ ગયો, પણ તે વસ્ત્રનો માલિક આવીને કહે છે કે આ કપડું તો મારું છે તો તે મનુષ્ય પોતાના વસ્ત્રનું ચિહ્ન જોઈને ત્યાગબુદ્ધિ કરે છે. હજુ વસ્ત્ર પોતે ઓઢેલું છે પણ દૃષ્ટિમાં ત્યાગબુદ્ધિ થઈ ગઈ કે આ વસ્ત્ર મારું નથી. તેમ આ જ્ઞાન અને આનંદસ્વભાવી આત્મા કર્મના સંયોગે જે પુણ્ય-પાપના વિકલ્પો થાય છે અને બહારમાં સ્ત્રી, પુત્ર, મિત્રાદિનો સંયોગ થાય છે તેને પોતાના માની બેઠો છે પરંતુ ભેદવિજ્ઞાન થતાં જ્યારે સ્વ-પરનો વિવેક થઈ જાય છે ત્યારે રાગાદિ ભાવોથી ભિન્ન પોતાના નિજસ્વભાવનું ગ્રહણ કરે છે.

ભગવાન પરમેશ્વર તીર્થંકર પરમદેવ કહે છે કે ભાઈ! તને તારા લક્ષણની ખબર નથી. તું તો જ્ઞાન ને આનંદના લક્ષણથી લક્ષિત તત્ત્વ છો. શરીર, વાણી, મન, સ્ત્રી, પુત્ર, પરિવાર આદિ તો બધાં પર તત્ત્વો છે. એ તો કર્મના સંયોગે અંતર અને બાહ્યમાં આવેલી ઉપાધિ છે. એક તો અઘાતિકર્મ છે તેના નિમિત્તે બહારમાં શરીર, સ્ત્રી, પુત્રાદિના સંયોગની ઉપાધિ મળી છે અને બીજા જે ઘાતિકર્મો છે તેના નિમિત્તે પુણ્ય-પાપ અને જ્ઞાન-દર્શનાદિની હીણી અવસ્થા થઈ છે તે અંતરની ઉપાધિ છે. જીવનું વાસ્તવિક સ્વરૂપ નથી. એ તો વિભાવ છે તેને આ જીવે પોતાના માની લીધાં છે. જેમ પહેલાં માણસે બીજાનું કપડું પોતાનું માનીને ઓઢી લીધું હતું તેમ જીવે વિભાવને સ્વભાવ માની લીધો છે. તેને ગુરુ કહે છે કે ભાઈ!

તને તારા સ્વરૂપની ખબર નથી. તું તો જ્ઞાનસ્વરૂપી આત્મા છો. આ જે કર્મના સંયોગે અંતરમાં પુણ્ય-પાપના પરિણામ થાય છે તે તું નથી. એ તો ઉપાધિ છે અને બાહ્યમાં શરીરાદિ સંયોગ છે તે પણ ઉપાધિ છે, એ તું નથી. શરીર શરીરરૂપે થઈને રહ્યું છે એ કાંઈ તારારૂપે થયું નથી. લક્ષ્મી તને બહુ વ્હાલી લાગે છે પણ જડરૂપ થઈને રહી છે એ કાંઈ તારારૂપે નથી અને તું તેનારૂપે થઈને રહ્યો નથી. છતાં આ સંયોગો અને વિભાવોને મારા માનીને તે અનંત અવતાર કર્યા છે.

ચોરાશી લાખ યોનિમાં અનંત અવતાર તેં ધારણ કર્યાં અને દુ:ખી થયો છો. એ બધું ભગવાનના જ્ઞાનમાં જણાય છે. ભગવાનની વાણીમાં તારા હિતની વાત આવે છે. તું શરીરાદિ સંયોગી અને પુણ્ય-પાપરૂપ સંયોગીભાવને તારા પોતાના માને છે પણ એ તારા નથી. તેનાથી ભેદવિજ્ઞાન થતાં તને માલૂમ પડશે કે અહો! હું તો ચિદ્‌ઘન છું. મારું સ્વરૂપ મારાથી જુદું ન હોઈ શકે. શરીર, વાણી, મન ને પુણ્ય-પાપ તો જગતની ચીજ છે તેને મેં મારી માની હતી એ જ મિથ્યાત્વ અને અનંત સંસારનું મૂળ હતું એમ તને જણાશે.

ભગવાનની વાણીમાં એમ આવ્યું કે તારું સ્વરૂપ તો શુદ્ધ જ્ઞાનઘન છે. અંતરમાં જો તો તારું સ્વરૂપ પુણ્ય-પાપના રાગથી રહિત છે, જે તારું નથી તેને તે પોતાનું માન્યું અને તારા પોતાના અસલી સ્વરૂપને ભૂલી ગયો છો તેથી જ ભવભ્રમણ થયું છે. શરીર તો જડ છે અને જડ થઈને રહ્યું છે અને પ્રત્યક્ષ દેખાય છે કે શરીરની તો બળીને રાખ થઈ જાય છે, જીવ તો ચાલ્યો જાય છે પણ શરીર નીરોગી હોય અને પાંચ-પચાશ કરોડ રૂપિયા સંયોગમાં હોય તેને એમ લાગે કે 'હું કાંઈક છું' પણ ભાઈ! એ તો જડ છે. એ ક્યાં અરૂપી ચેતન થયા છે? શરીર અને ધનાદિ તારા જેવા અરૂપી અને ચેતન થઈ જાય તો તારા કહેવાય પણ એમ તો બનતું નથી.

શ્રોતા :– અમારી તિજોરીમાં આવ્યા એટલે અમારા જ કહેવાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :–અરે! એ તિજોરી પણ ક્યાં તારી હતી? તારી તિજોરી તો એ છે કે જેમાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા આદિ અનંત અનંત ગુણોનો વૈભવ ભર્યો છે. નિજસ્વરૂપ એ તારું નિજનિધાન છે.

શરીર, વાણી, મન આદિ તો જડ છે, જડ થઈને રહ્યા છે અને જડપણે જ રહેવાના છે. એ તો જીવના નથી પણ કર્મ-સંયોગના લક્ષે થઈ રહ્યા છે તે બંને ભાવ ઉપાધિ છે, મેલ છે, તારો નિજભાવ નથી. દયા પાળું, વ્રત પાળું, ભક્તિ કરું તો મને ધર્મ થઈ જશે એમ માને તેથી કાંઈ શુભભાવથી ધર્મ થઈ ન જાય પણ અરેરે! "સાચાં વારિ એને ના મળે રે લોલ...." વનમાં મૃગલાં ઝાંઝવાના પાણીમાં સાચાં પાણીની કલ્પના કરીને દોડ્યાં જાય છે પણ સાચાં વારિ એને મળતાં નથી. તેમ અજ્ઞાની પ્રાણી મારી પાસે પૈસા હોય તો દાન થાય

અને દાન થાય તો લાભ થાય એમ માનીને ધર્મની આશામાં દોડ્યાં જાય છે પણ તેમાંથી ધર્મ એટલે સુખ એને મળતું નથી.

અહીં તો કહે છે કે અસંખ્ય પ્રદેશી તારું ક્ષેત્ર અને અનંત જ્ઞાન-દર્શનાદિ તારા ભાવને ઓળખીને તેની પ્રતીત અને અનુભવ નહિ કર ત્યાં સુધી ચોરાશીના અવતારમાં તારું રખડવું મટશે નહિ. જે જ્ઞાનંનદ સ્વભાવની દૃષ્ટિ કરીને વિકારને દૃષ્ટિમાંથી છોડી દે છે તે ધર્મી છે, તે સુખી છે, તે લક્ષ્મીવાન છે, તેના ચોરાશીના અવતારનો અંત આવે છે. બાકી તો બધાં દુઃખી દુઃખી અને હેરાન છે, ભલે તે કરોડપતિ હોય પણ બિચારાં છે, દુઃખી છે, ભિખારી છે. અરે! કરોડ એવા જડના પતિ છે માટે જડ છે.

શુભ અને અશુભ રાગ એ પણ કષાય છે, અગ્નિ છે, તારું સ્વરૂપ નહીં. ભલે દયા, દાન, વ્રત, ભક્તિનો મંદ કષાય હોય પણ છે તો કષાય ને! એ માટે કષાયની અગ્નિમાં પોતે બળી રહ્યો છે અને મારા માને છે! પાગલપણાંનું પ્રમાણ નથી.

પુણ્ય-પાપના ભાવ તેના ફળરૂપ કર્મબંધન અને તેના ફળરૂપ મળેલો સંયોગ એ કોઈ મારી ચીજ નથી! મારે અને તેને કાંઈ સંબંધ નથી. મારો સ્વભાવ તો રાગ, કર્મ અને સંયોગથી નિરાળો છે એમ જે અંતરમાં સ્વભાવને ગ્રહણ કરે અને રાગાદિને દૃષ્ટિમાંથી છોડી દે છે તેને ધર્મી કહીએ. જ્ઞાની કહીએ અથવા શુદ્ધ ચૈતન્યલક્ષ્મીનો સ્વામી કહીએ. ભગવાન સર્વજ્ઞદેવ સો ઈન્દ્રોની સભામાં આમ ફરમાવતાં હતાં તે મુનિ અને સંતો અંહીં ફરમાવે છે.

આ ૨૯મા કળશનું ૩૨મું પદ્ય થયું. હવે ૩૦મા કળશનું ૩૩મું પદ્ય બનારસીદાસજી કહે છે.

कहै विचच्छन पुरुष सदा मैं एक हौं ।
अपने रससौं भर्यो आपनी टेक हौं ।।
मोहकर्म मम नांहि नांहि भ्रमकूप है ।
शुद्ध चेतना सिंधु हमारौ रूप है ।।३३।।

સુખી તો તેને કહીએ કે જેણે દુઃખના પંથને વિસાર્યા છે. પુણ્ય-પાપના વિકલ્પોનો પંથ તો દુઃખ પંથ છે. બહારમાં તો સંયોગો છે એ કોઈ પ્રતિકૂળ નથી. અંદરમાં શુભ-અશુભભાવ થાય છે એ જ પ્રતિકૂળ અને દુઃખરૂપ છે. તેને જેણે દૃષ્ટિમાંથી વિસાર્યા છે અને સ્વભાવને ગ્રહણ કર્યો છે એવા જ્ઞાની પુરુષો એવો વિચાર કરે છે કે હું સદૈવ એકલો છું. પોતાના જ્ઞાન-દર્શનરસથી ભરપૂર પોતાના જ આધારે છું, ભ્રમજાળનો કૂવો એવો મોહ મારું સ્વરૂપ નથી. મારું સ્વરૂપ તો શુદ્ધ ચૈતન્યસિંધુ છે.

હું તો રાગથી માંડીને આખી દુનિયાનો જાણનાર દેખનાર છું. તેમાંથી કોઈ ચીજ મારી છે એવું માનનારો હું નથી. મારામાં જ્ઞાન-દર્શન અને આનંદનો રસ ભર્યો છે તે મારો સહારો છે—આશ્રય છે, રાગ અને પુણ્ય એ મારો સહારો કે આશ્રય નથી.

ઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીને ૯૬ કરોડ પાયદળ હતું અને ૯૬ હજાર રાણી હતી

પણ પોતે જ્ઞાની હતાં તેથી જાણતાં હતાં કે આ કોઈ મારાં નથી અને હું તેનો નથી. હું છું ત્યાં એ નથી અને એનામાં હું નથી. આવા જ્ઞાનને ભેદજ્ઞાન કહેવાય અને એવા જ્ઞાનીને ધર્મી કહેવાય. બાકી રાગની ક્રિયા કરીને ધર્મ માને છે તે તો મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે.

જેનો સ્વભાવ જ્ઞાન, દર્શન અને આનંદ છે તેમાં અપૂર્ણતા અને વિપરીતતા કેમ હોય? સ્વભાવથી પરિપૂર્ણ નિજસ્વરૂપને જે માને છે તેણે જીવને માન્યો, અનુભવ્યો અને પ્રાપ્ત કર્યો કહેવાય. સમ્યગ્દર્શનના વિષયભૂત તત્ત્વ અપૂર્ણ ન હોય.

અશુભરાગથી ધર્મ ન હોય પણ શુભરાગથી પણ ધર્મ ન થાય. શુભરાગથી ધર્મ માનવો એ તો ભ્રમણાનો કૂવો છે. બહુ પાપ કરતાં હોય તેનાથી બચીને કાંઈક દયા-દાનનો શુભરાગ કરે ત્યાં દુનિયા તેમાં ધર્મ મનાવવા લાગે છે પણ શુભરાગમાં ધર્મ માનવો એ મોટી ભ્રમણા છે. ભાઈ! તારો ભગવાન તો આનંદનો કૂવો છે. તને તો તારો આશ્રય છે. પરચીજનો આશ્રય તને ન હોય.

'ભ્રમજાળનો કૂવો મોહકર્મ મારું સ્વરૂપ નથી' એમાં શું કહેવું છે!–કે, જ્ઞાનાનંદસ્વરૂપની દૃષ્ટિ થતાં, ધર્મીને શુભરાગની એકતા તે ભ્રમણાના કૂવા જેવી લાગે છે. શુભભાવ મારો છે, તેનાથી મને લાભ છે એવી શુભભાવમાં એકતાબુદ્ધિ છે તે તો ભ્રમજાળનો કૂવો છે. તો અશુભભાવની તો વાત જ શું! ધનાદિ મેળવવાની આશાએ બીજાને પૂજે છે એ તો મહા ભ્રમણામાં પડયો છે, પણ પ્રશસ્તરાગમાં ધર્મ માને છે તે પણ ભ્રમણાના કૂવામાં પડયા છે એમ અહીં કહ્યું છે અમારું લક્ષ તો ભગવાનમાં છે, ભક્તિમાં ક્યાં કષાય છે! એમ કરીને જે એકલા શુભરાગમાં જોડાય ગયો છે તે પોતાને ચૂકી ગયો છે, ભ્રમણાના કૂવામાં પડયો છે.

જિંદગી ચાલી જાય છે ભાઈ! આયુષ્ય પૂરું થશે ત્યારે આ શરીર તારું રાખ્યું રહેશે નહિ. દેહ ક્યાં સમયે છૂટશે તે બધું નક્કી થયેલું જ છે. દરેક સમયે તું મૃત્યુની સમીપ જઈ રહ્યો છે તે પહેલાં તારો સ્વભાવ સંભાળી લે ભાઈ! પોતાના સ્વભાવની સમીપ જાય છે તેને રાગનું સમીપપણું પણ રહેતું નથી–રાગ પણ તેને પોતાનો ભાસતો નથી તો શરીર તો પોતાનું કેમ ભાસે!

એક તરફ મોહથી ઉત્પન્ન થયેલા શુભાશુભવિકારીભાવ છે અને એક તરફ જ્ઞાનાનંદનું નિધાન છે, હવે જ્યાં જવું હોય ત્યાં જાવ. રાગથી ધર્મ માનશો તો ભ્રમણાનો કૂવો છે તેમાં ડૂબીને મરી જશો અને આત્મા કે જે જ્ઞાન ને આનંદનો કંદ છે તેમાં એકત્વ કરશો તો અમર થઈ જશો કેમ કે એ જ તમારું નિજસ્વરૂપ છે.

सुद्ध चेतना सिंधु हमारो रूप है । હું તો ચૈતન્ય સમુદ્ર છું. રાગાદિ વિકલ્પ મારા ચૈતન્યસમુદ્રમાં નથી. ભજનમાં ભાઈએ લખ્યું છે,

*જ્યમ ખો પીપર તણો ઘાતક બને રે લોલ,*
*ત્યમ આસવો આ જીવને જણાય,*
*જુદે-જુદાં અનાદિથી જાણજો રે લોલ....*

'ખો' એટલે લાખ. જેમ પીપરના ઝાડમાં લાખ થાય, તે લાખ પીપરનો ઘાત કરે છે તેમ શુભાશુભ આસ્રવો જીવનો ઘાત કરે છે—જીવને નવા આવરણનું કારણ છે.ધર્મના કારણ નથી. વાઈનો વેગ જેમ આવે છે અને જાય છે તેમ આસ્રવો આવે છે અને જાય છે પણ તે જીવથી જુદાં જ છે. આ વાત ૭૪મી ગાથામાં આવે છે તેનું પ્રવચન અહીં સાંભળીને આ ભક્તિ બનાવી છે.

*માનવભાવ જગમાં દોહ્યલો રે લોલ...*
*દુર્લભ દુર્લભ જૈન અવતાર,*
*એની સાથે સદ્ગુરુ છાયાં દોહ્યલી રે લોલ.*

સાચી વાત સાંભળવા મળવી બહુ દુર્લભ છે. કરોડો, અબજો રૂપિયા ને રાજ્ય આદિ મળવા સહેલાં છે પણ સાચી વાત કાને પડવી બહુ દુર્લભ છે.

*સરોવર કાંઠે રે મૃગલાં તરસ્યાં રે લોલ,*
*દોડે હાંફી ઝાંઝવા-જળની કાજ,*
*એને સાચા વારિ જગમાં ના મળે રે લોલ.*

મૃગલાં દોડી-દોડીને મરે પણ ઝાંઝવામાં તેને કયાંય જળ મળે નહિ તેમ પુણ્ય-પાપ ભાવ અને તેના ફળ ઝાંઝવાના જળ જેવા છે તેમાં કયાંય જ્ઞાનાનંદનું પાણી મળે તેમ નથી. મૂરખ અજ્ઞાની પ્રાણી મફતનો તેમાં ધર્મ માનીને દોડે છે.

*એ મનના મૃગલાંને પાછાં વાળજો રે લોલ,*
*જો ડી દ્યો આતમ સરો વરે આજ,*
*એને મળશે આતમસુખ અમુલાં રે લોલ....*

પરમાં ને પુણ્યમાં સુખની કલ્પના કરનારા મનને ત્યાંથી પાછું વાળીને આતમ-સરોવરમાં જોડી દ્યો તો અમૂલ્ય એવું આત્મસુખ જરૂર મળશે.

ધર્મીને પ્રશસ્તરાગ ન આવે એમ નથી. રાગ તો આવે પણ તેનાથી મને ધર્મ કે સુખ થશે એવી ભ્રમણા ધર્મીને ન હોય. અશુભથી બચવા, શુભનો એવો કાળ હોય તો શુભરાગ આવે પણ તે કષાયની અગ્નિ છે, ધર્મ નથી.

જગતને આ સત્ય સાંભળવું દુર્લભ થઈ પડયું છે. જૂનાગઢની જાત્રા કે શિખરજીની જાત્રા કરો પણ એ શુભરાગ છે.

મુમુક્ષુ—આપે જ અમને જાત્રા તો કરાવી!

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ જ કહ્યું કે શુભભાવ તો હોય છે પણ એ દુઃખરૂપ છે, હેય છે પણ આવ્યા વગર રહે પણ નહિ. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી અશુભથી બચવા એવી શુભની સ્થિતિ ઊભી છે પણ તે હેય છે.

આવા માપ અંદરથી કાઢવા તે અનંતકાળે પણ દુર્લભ છે. આનંદનું સરોવર પોતે

જ છે પણ તેની દૃષ્ટિ કરતો નથી અને વિકલ્પરૂપી ઝાંઝવામાં સુખના પાણી લેવા દોડયો છે ત્યાં શાંતિ ને સુખ નહિ મળે ભાઈ!

'આ શુભરાગ મારો છે, હું અશુભથી બચ્યો છું' એમ માને છે તેને મિથ્યાત્વ તો પડ્યું છે. એ જ મોટું પાપ છે. તે પાપથી બચ્યો નથી. શુભરાગથી લાભ થાય એમ માન્યું છે એ જ મોટું મિથ્યાત્વનું પાપ છે તેની તો એને ખબર પણ નથી. વીતરાગની વાતો કઠણ છે ભાઈ! વીતરાગ કહે છે મારી વાત સાંભળવા બેઠો છો પણ એ વિકલ્પ છે હો! એમ ધ્યાન રાખજે, વિકલ્પમાં ફસાઈ ન જઈશ.

બાપુ! તું પ્રકાશનો પિંડ છો. તારામાં શુભરાગનો કણ પણ શોભતો નથી. ધર્મી–વિચિક્ષણ સમકિતી એમ જાણે છે કે અમે તો જાણકસ્વભાવના દરિયા છીએ, તેમાંથી જાણવું... જાણવું... જાણવું... નીકળ્યા જ કરે, ખૂટે નહિ. મારા સ્વભાવમાંથી રાગ ને પુણ્ય ન નીકળે.

મોટા પંચકલ્યાણક કરે, કરોડો રૂપિયા ખર્ચે, ગજરથ કાઢે અને મેં આ બધું કર્યું એમ માને તે તો જડનો સ્વામી થયો. તેને મિથ્યાત્વનું મોટું પાપ લાગે છે. કેમ કે એ તો બધી જડની અને રાગની ક્રિયા છે, જીવનું સ્વરૂપ નથી. ધર્મીજીવની દૃષ્ટિ તો જ્ઞાનાનંદના દરિયા ઉપર જ હોય છે. ધર્મી જાણે છે કે શુદ્ધ ચેતનાસિંધુ જ્ઞાનનો દરિયો એ મારું રૂપ છે, રાગ મારું રૂપ નથી.

હવે ૩૧ મો કળશ અને તેના ઉપરનું ૩૪મું પદ્ય લઈએ, તેમાં તત્ત્વજ્ઞાન થતાં જીવની અવસ્થા કેવી થાય છે તેનું વર્ણન બનારસીદાસજી કરે છે.

ततवकी प्रतीतिसौं लख्यौ हैं निजपरगुन,
दृग ज्ञान चरन त्रिविध परिनयौ है ।
विसद विवेक आयौ आछौ विसराम पायौ,
आपुहीमैं आपनौ सहारौ सोधि लयौ है ।।
कहत बनारसी गहत पुरुषारथकौं,
सहज सुभावसौं विभाव मिटि गयो है ।
पन्नाके पकायें जैसे कंचन विमल होत,
तैसें सुद्ध चेतन प्रकाररूप भयो है ।। ३४ ।।

તત્ત્વશ્રદ્ધાન અર્થાત્ 'હું તો ત્રિકાળ જ્ઞાન અને આનંદ-સ્વરૂપ છું, પુણ્ય-પાપના વિકલ્પ અને તેના ફળમાં હું ક્યાંય નથી.' જેવો આત્મા પૂર્ણ છે તેવો જ્ઞાનમાં લઈને પ્રતીતિ કરી તે સાચી પ્રતીતિ છે. તે પ્રતીતિ થતાં સ્વ અને પરની સાચી ઓળખાણ થાય છે. શુદ્ધ આનંદઘન તે હું અને પુણ્ય-પાપના વિકલ્પ તે પર છે, વિભાવ છે, મારા નથી એમ તેનાથી ભિન્નતાનું ભાન થાય છે. તેથી એવા ભેદજ્ઞાની જીવને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં પરિણમન થાય છે અને નિર્મળ ભેદવિજ્ઞાન થવાથી તેને સ્વરૂપમાં જ વિશ્રામ મળી ગયો અને સ્વરૂપમાં જ પોતાનો સહાયક ગોતી લીધો.

સમ્યગ્દર્શન થતાં સ્વાનુભવમાં જ્ઞાન અને સ્થિરતાનો અંશ સાથે જ હોય છે. વસ્તુના પરિપૂર્ણ તત્ત્વની શ્રદ્ધામાં બધાં અંશો ભેગાં જ હોય છે. અનંતાનુબંધીના અભાવમાં સ્વરૂપાચરણ-ચારિત્ર પણ સમકિતીને હોય છે.

ધર્મીને दृग ज्ञान चरन त्रिविधि परिनयौ है । દગ એટલે શ્રદ્ધા, જ્ઞાન એટલે સ્વનું જ્ઞાન અને ચરણ એટલે સ્વરૂપમાં રમણતા આ ત્રણેય ગુણ એકસાથે પરિણમ્યા છે.

બહુ માણસોની વચ્ચે આવી વાત કરી હોય તો લૂખી લાગે, વ્યવહારને ઉથાપે છે એવું લાગે. પણ એને સાચાં નિશ્ચય અને વ્યવહારના સ્વરૂપની ખબર જ ક્યાં છે! એ લોકો તો જાત્રા કરવા જાય ત્યાં વહેલાં ઊઠી, પહાડ ચડી, દર્શન કરીને નીચે ઉતરી ખૂબ થાક લાગ્યો હોય એટલે ગરમ પાણીથી નહાવા આદિની વ્યવસ્થામાં પડી જાય. એ શું જાત્રા કરી કહેવાય! ધર્મીને પણ શુભરાગરૂપ વ્યવહાર આવે છે પણ તે જાણે છે કે સ્વરૂપમાંથી ચ્યુત થઈને આ ભાવ આવ્યો છે, મારો નિજભાવ નથી, ઉદયભાવ છે અને ઉદયભાવ છે તે જ સંસાર છે.

विसद विवेक आयौ.... શુભાશુભરાગમાં રહેતો હતો તેમાંથી ખસીને સ્વરૂપની દૃષ્ટિ થતાં ધર્મીને અંતરમાં–નિર્મળ આત્મામાં વિશ્રામ મળ્યો. અનાદિથી પુણ્ય-પાપના વિષમભાવોમાં વિશ્રામ ન હતો, હવે વિસદ વિવેક જાગૃત થતાં વિશ્રામધામ મળ્યું, તેમાં એવો વિશ્રામ મળ્યો કે અનાદિનો થાક ઉતરી જાય છે. અહો! સમકિતીને અનાદિનો થાક ઉતરી ગયો.

અજ્ઞાની લોકો પૈસા કમાઈને પછી શાંતિથી રહેશું અને જિંદગીનો થાક ઉતારશું એમ આશા રાખે છે તે ખોટી છે. પૈસા વાપરવાથી ધર્મ નહિ થાય અને સ્વભાવની દૃષ્ટિ વગર થાક ઉતરશે નહિ એ સમજી લેજો. મિથ્યા દૃષ્ટિ નહિ ટળે ત્યાં સુધી નિગોદ મળશે પણ મોક્ષ નહિ મળે.

હા! જાત્રા, પૂજા ભક્તિના ભાવ ન હોય એમ નથી, શુભભાવ તો હોય છે પણ તેનાથી ધર્મ માનશે તેને મોટું મિથ્યાત્વનું પાપ સાથે લાગે જ છે.

પૈસા રળવામાં જીવોને બહુ રસ છે, પાંચ મળતાં હોય તો પચાશ અને પચાશ મળતાં હોય તો સો મેળવવા પ્રયત્ન કરે છે પણ ભાઈ!–

હુન્નર કરે હજાર, ભાગ્ય બિન મિલે ન કોડી.

પૈસા મેળવવામાં પુરુષાર્થ બિલકુલ કામ લાગતો નથી. પૂર્વના પુણ્યના રજકણો બળે ત્યારે વર્તમાનમાં ધનાદિ મળે છે. માટે એ તો પૂર્વના પુણ્ય અનુસાર મળે છે. પુરુષાર્થ તો એક પોતાના આત્માના કામમાં કામ લાગે છે. એમાં પુરુષાર્થ કર ને!

ભાઈ! આ તો વીતરાગનો માર્ગ છે. આમાં કોઈની લાગવગ ચાલે તેવું નથી. એક માણસે પ્રશ્ન કરેલો મહારાજ! આ ધર્મમાં પૈસાવાળાનો કાંઈ નંબર

ખરો કે નહિ?—કીધું, બિલકુલ નહિ, 'હું પૈસાવાળો છું' એ માન્યતા જ અજ્ઞાનીની ભ્રમણા છે. આત્મા જડ પૈસાવાળો હોય!

કોઈ કહે કે ગુરુ તો હાથ પકડીને લઈ જશે ને! એ વાત પણ ખોટી છે. બ્રાહ્મણ પરણાવી દે પણ કાંઈ ઘર ચલાવી દે? તેમ ગુરુ તો માર્ગ સમજાવે પણ સમજવું તો પોતાનું કામ છે ને! જે સમજે તે માર્ગે ચાલીને તરી જાય.

ભાઈ! તેં અનંતકાળ આમ મિથ્યાત્વના દુઃખમાં ગાળી નાખ્યો. અરે! આ વંટોળિયામાં તણખલાં ક્યાં જઈને પડશે તે નક્કી નથી. તેમ તારા અવતાર ક્યાં થશે તે તું જાણતો નથી. પુણ્ય-પાપ ભાવને પોતાના માનીને પડ્યો છો તો નરક નિગોદમાં ચાલ્યો જઈશ. ભાઈ! તને ભવભ્રમણનું દુઃખ નથી લાગતું! તેં એવા દુઃખ વેઠ્યાં છે કે તેં વેદ્યા અને ભગવાને જાણ્યાં છે. બાકી વાણીથી ન કહી શકાય એટલાં દુઃખ તેં ભોગવ્યાં છે પણ એ ભૂલી ગયો અને અહીં જરાં અનુકૂળતા મળી તેમાં હું પહોળો ને શેરી સાંકડી થઈ ગઈ છે પણ ભાઈ! ચૈતન્યસૂર્યની પરીક્ષામાં પાસ થયાં વિના તું નાપાસ જ છો એ સમજી લેજે.

જીવ પોતાના સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં સ્થિરતા કરે છે તે સંસારમાં ભ્રમણનું કારણ છે તેનાથી ભિન્ન પડીને પ્રથમ તો સત્યતત્ત્વનું શ્રવણ કરે, તેને લક્ષમાં લે અને પછી અંદરમાં ઊંડો ઉતરે તો તેને શ્રદ્ધા થાય કે, અહો! હું તો રાગથી ભિન્ન ચૈતન્યતત્ત્વ છું! એવા ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાન, સ્થિરતાનું પરિણમન થાય, સુખનું વેદન આવે ત્યારે તે જીવને ધર્મી અને સુખના પંથે ચડેલો જીવ કહેવાય. તેને એવો નિર્મળ વિવેક પ્રગટ થઈ ગયો કે પોતાનો વિશ્રામ પોતે જ મેળવી લીધો અને પોતાનો સહાયક પોતામાં જ શોધી લીધો. તેને હવે કોઈ વિકલ્પ કે નિમિત્તના સહારાની અપેક્ષા નથી.

બનારસીદાસજીએ શાસ્ત્રનો સાર કાઢીને મૂકી દીધો છે. બનારસીદાસજી ગૃહસ્થ તો હતાં પણ શૃગાંરી અને વ્યભિચારી પણ હતાં પણ પછી ધર્મી થયાં ત્યારે પછી આ શ્લોકની રચના કરી છે. અહો! आपुहीमैं आपनौ सहारौ सोधि लयौ है। જેને હજુ સમજણના ઠેકાણાં ન હોય, ધારણા પણ યથાર્થ ન થઈ હોય તે પોતાનો સહારો પોતામાં ગોતી ન શકે. ધર્મીએ તો પોતાનો સહારો પોતામાં ગોતી લીધો છે તેણે વિભાવ તરફનો પુરુષાર્થ છોડી સ્વભાવ તરફનો પુરુષાર્થ કર્યો ત્યાં વિભાવ તો બધાં સહજ છૂટાં પડી ગયાં. સહજ સ્વભાવનો અનુભવ થતાં પુણ્ય-પાપના વિકલ્પ મારા નથી એમ છૂટા પડી ગયા. દાણાંમાંથી કાંકરાં કાઢી નાંખે તેમ ધર્મી વિભાવરૂપી કાંકરાં પોતાના ચૈતન્યમાંથી કાઢી નાંખે છે. આવું ભેદજ્ઞાન તે ધર્મની પ્રથમ શરૂઆત—પહેલી સીડી છે. એના વગરના વ્રત, તપ આદિ બધાં એકડાં વિનાના મીંડા જેવા છે. *[ક્રમશઃ]*

* * *

# વૈરાગ્યજનની : બાર ભાવના

(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

આ ધર્માનુપ્રેક્ષામાં મુનિના દસ પ્રકારના ધર્મની વાતને હવે સંકોચે છે.

एसो दहप्पयारो धम्मो दहलक्खणो हवे णियमा ।
अण्णो ण हवदि धम्मो हिंसा सुहुमा वि जत्थत्थि ॥४०५॥

અર્થ:– આ દસ પ્રકારરૂપ ધર્મ છે તે જ નિયમથી દશલક્ષણ સ્વરૂપ ધર્મ છે એટલે વીતરાગી દશાને નિયમથી દસ પ્રકારનો ધર્મ છે પરંતુ બીજા કે જ્યાં સૂક્ષ્મ પણ હિંસા હોય તે ધર્મ નથી, રાગની તીવ્રતા હોય ત્યાં ધર્મ હોતો નથી.

ભાવાર્થ:– જ્યાં હિંસા કરી તેમાં કોઈ અન્યમતિ ધર્મસ્થાપન કરે તેને ધર્મ કહી શકાય નહિ, આ દશલક્ષણસ્વરૂપ ધર્મ કહ્યા તે જ નિયમથી ધર્મ છે. આગળ આ ગાથામાં કહ્યું કે–'જ્યાં સૂક્ષ્મ પણ હિંસા હોય ત્યાં ધર્મ નથી' એ જ અર્થને સ્પષ્ટતા પૂર્વક કહે છે:–

हिंसारंभो ण सुहो देवनिमित्तं गुरूण कज्जेसु ।
हिंसा पावं ति मदो दयापहाणो जदो धम्मो ॥४०६॥

અર્થ:–'હિંસા થાય તે પાપ છે તથા જેમાં દયા પ્રધાન છે તે ધર્મ છે' એમ કહ્યું છે માટે દેવના અર્થે વા ગુરુકાર્યને અર્થે હિંસા આરંભ કરવા તે શુભ નથી. પરની એકલી દયા તે શુભભાવ છે. અહીં તો આત્માના ભાન પૂર્વક રાગ રહિત દશા થાય તે અહિંસા ભાવ છે અને એ વખતે અહિંસાના શુભભાવ થાય તે વ્યવહારે ધર્મ છે. પણ દેવ–શાસ્ત્ર–ગુરુ માટે હિંસા આદિના પરિણામ કરવા તે શુભ નથી.

ભાવાર્થ:–અન્યમતી હિંસામાં ધર્મસ્થાપન કરે છે, મીમાંસક તો યજ્ઞ કરે છે તેમાં પશુઓને હોમી તેનું શુભ ફળ બતાવે છે. દેવી-ભૈરવના ઉપાસકો બકરાં વગેરે મારી દેવી-ભૈરવને ચઢાવે છે અને તેનું શુભ ફળ માને છે. બૌદ્ધમતી હિંસા કરી માંસાદિક આહાર શુભ કહે છે.

હવે શ્વેતામ્બરોના કેટલાંક સૂત્રોમાં એમ કહ્યું છે કે :–'દેવ–ગુરુ-ધર્મના માટે ચક્રવર્તીની સેનાને પીલી નાખવી. જે સાધુ આ પ્રમાણે નથી કરતો તે અનંત સંસારી થાય છે.' વળી કોઈ ઠેકાણે મદ્ય માંસનો આહાર પણ તેમાં લખ્યો છે, એ સર્વનો આ ગાથાથી નિષેધ કર્યો એમ સમજવું. જે દેવ–ગુરુના કાર્ય માટે પણ હિંસાનો આરંભ કરે છે તે શુભ નથી, ધર્મ તો દયાપ્રધાન જ છે.

આ વાત કડક લાગે છે કેમકે ઘરની વાત આવે ત્યારે કડક પડે છે પણ તે સમજ્યા

વિના છૂટકો નથી, જ્યારે વાત આવે ત્યારે તો બરાબર સ્પષ્ટ થવું જોઈએ, શ્વેતામ્બરમાં ભગવતીસૂત્રનું પંદરમું શતક છે એમાં પાનું ૮૯૧ આગમોદયમાં સંસ્કૃત ટીકામાં આવે છે કે–'દેવ-ગુરુ-ધર્મના માટે ચક્રવર્તીની સેનાને પીલી નીખવી. જે સાધુ આ પ્રમાણે નથી કરતો તે અનંત સંસારી થાય છે.' આપુલાક મુનિ કેવા હોય? તેના અધિકારમાં શ્વેત્માબર આચાર્યે સંસ્કૃત ટીકા કરી છે તેમાં લખેલ છે. મુનિના શિથિલપણાની વાત છે પણ વસ્તુનું એવું સ્વરૂપ હોય નહિ. મધ્યસ્થથી વિચાર કરે તો આવું શિથિલપણું મુનિને હોય નહિ, માટે અહીં નિષેધ કર્યો છે.

વળી મોક્ષમાર્ગપ્રકાશક પાના-૧૬૧માં કહ્યું છે કે શ્વેતામ્બર મતવાળા નિંદકને મારવામાં પાપ નથી એમ કહે છે. હવે તીર્થંકર આદિના અસ્તિત્વમાં પણ અન્યમતી નિંદકો થયા. તેમને ઈન્દ્રાદિકે માર્યા નહિ. જો પાપ ન થતું હોય તો તેમને ઈન્દ્રાદિકે કેમ ન માર્યા? તો નિંદકને મારવામાં પાપ નથી તે વાત બરાબર નથી.

વળી ભગવતીસૂત્રના પંદરમાં શતક પાનું-૬૯૧માં મદ્યમાંસનો આહાર પણ ભગવાને લખ્યો છે. એ સર્વનો આ ગાથાથી નિષેધ થાય છે.

ભગવતી સૂત્રમાં ગોશાળાના અધિકારે સંસ્કૃત ટીકામાં લખેલ છે કે ભગવાનને રોગ થયો છે, અને ભગવાન સીહો અણગાર મુનિને બોલાવીને કહે છે કે રેવતીને ત્યાં બે કપોત પક્ષીનાં શરીર મીંદડીના કાલના મારેલા છે તેનો પાક બનાવ્યો છે તે લઈ આવો, આજના તાજા મારેલા છે તે લાવશો નહિ, એમ વિપરીત દૃષ્ટિથી ભગવાનને માંસનો આહાર ઠરાવે છે. સમ્યગ્દૃષ્ટિને પણ માંસનો આહાર હોય નહિ.

વળી આચારંગમાં સાધુને જૂનું મધ ખપે નહિ એમ લખેલ છે એ ઉપરથી તાજું મધ લેવામાં બાદ નથી એમ માની સાધુઓ વાપરે છે પણ નામધારી જૈનને પણ મધ ખપે નહિ. શાસ્ત્રમાં પાઠ આવે છે કે મદ્ય ખાનારને સાત ગામ બાળે એટલું પાપ લાગે છે. માટે જૈનને મદ્ય, માંસ, દારૂનો ખોરાક હોય નહિ. મદ્યમાં તો ત્રસઘાત છે. માખીનું વમન છે. દવામાં પણ તે વપરાય નહિ. શ્વેતામ્બરનાં શાસ્ત્રોમાં ઘણે ઠેકાણે માંસના ખોરાકની વાત આવે છે તે બધી વિપરીતતા છે. ભગવાન પછી બાર વર્ષનો દુષ્કાળ પડ્યો અને મુનિ નભી ન શક્યા, વસ્ત્રાદિ રાખ્યા અને શિથિલપણું થઈ ગયું.

વળી ખંધકના અધિકારમાં આવે છે કે ભગવાન હમેંશા ભોજન કરતા હતા અને તેથી એમનું શરીર સુંદર હતું. આ તદ્દન કલ્પિત વાત છે. કેમ કે છઠ્ઠા ગુણસ્થાન પછી મુનિને આહાર હોતો નથી. તો પછી ભગવાનને આહાર હોય એમ બને નહિ; આ રીતે શ્વેતામ્બર શાસ્ત્રોમાં જે અન્યથા નિરૂપણ કરેલ છે તેનો નિષેધ આ ગાથાથી થાય છે એમ સમજવું. જે દેવ-ગુરુના કાર્ય માટે પણ હિંસાનો આરંભ કરે છે તે શુભ નથી, ધર્મ તો દયાપ્રધાન જ છે એનો વિશેષ ખુલાસો કરે છે.

''વળી આ પ્રમાણે પણ સમજવું કે પૂજા, પ્રતિષ્ઠા, ચૈત્યાલયનું નિર્માપન, સંઘ–યાત્રા

તથા વસ્તિકાનું નિર્માપન આદિ ગૃહસ્થનાં કાર્યો છે તેને પણ મુનિ પોતે ન કરે, ન કરાવે, ન અનુમોદે, કારણ કે તે ગૃહસ્થોનો ધર્મ છે તે જેમ એ (ગૃહસ્થધર્મના) સૂત્રોમાં વિધાન લખ્યું હોય તેમ ગૃહસ્થ કરે, ગૃહસ્થ મુનિને આ સંબંધી પ્રશ્ન કરે તો મુનિ આમ કહે કે 'જિન સિદ્ધાન્તમાં પૂજા-પ્રતિષ્ઠાદિ ગૃહસ્થધર્મ લખ્યો છે તેમ કરો' આ પ્રમાણે કહેવામાં હિંસાનો દોષ તો ગૃહસ્થને જ છે, માત્ર એ શ્રદ્ધાન-ભક્તિધર્મની પ્રધાનતા તેમાં જે થઈ એ સંબંધી જે પુણ્ય થયું તેના સીરી (ભાગીદાર) મુનિ પણ છે. પરંતુ હિંસા તો ગૃહસ્થની છે તેના સીરી (ભાગીદાર) નથી, વળી ગૃહસ્થ પણ જો હિંસા કરવાનો અભિપ્રાય કરે તો તે અશુભ જ છે. પૂજા-પ્રતિષ્ઠા યત્ન પૂર્વક કરે છે તે કાર્યમાં ગૃહસ્થને હિંસા થાય તો તે કેમ ટળે? તેનું સમાધાન આ છે કે:-

સિદ્ધાન્તમાં આમ પણ કહ્યું છે કે અલ્પ અપરાધ લાગતાં પણ જો ઘણું પુણ્ય થતું હોય તો એવું કાર્ય ગૃહસ્થને કરવું યોગ્ય છે. ગૃહસ્થ તો જેમાં નફો જાણે તે કાર્ય કરે, જેમ થોડું દ્રવ્ય આપતાં પણ જો ઘણું દ્રવ્ય આવતું હોય તો તે કાર્ય કરે છે, પણ મુનિને આવાં કાર્ય હોતાં નથી. તેને તો સર્વથા યત્ન પૂર્વક જ પ્રવર્તવું યોગ્ય છે એમ સમજવું.

જિન મંદિરમાં પ્રતિષ્ઠા, પૂજા, ભક્તિ, જાત્રા આદિમાં હિંસા તો થાય છે પણ તે ગૃહસ્થધર્મ છે. એવો રાગ ગૃહસ્થને આવ્યા વગર રહેતો નથી. ઈન્દ્રો આવીને ભગવાનની પૂજા કરે છે, ભરત ચક્રવર્તીએ ૭૨ જિનબિંબો અષ્ટાપદ પર્વત ઉપર ભરાવ્યા છે. તે ગૃહસ્થધર્મ છે. મુનિને એવા હિંસા આદિના કાર્યો હોતા નથી.

देवगुरूण णिमित्तं हिंसारंभो वि होदि जदि धम्मो ।
हिंसारहिदो धम्मो इदि जिणवयणं हवे अलियं ॥४०७॥

અર્થ:- દેવ-ગુરુના અર્થે હિંસાનો આરંભ પણ જો યતિનો ધર્મ હોય તો જિન ભગવાનનાં એવાં વચન છે કે 'ધર્મ હિંસા રહિત છે' એ વચન જૂઠ ઠરે.

અહીં મુનિના ધર્મની વાત ચાલે છે એટલે મુનિને આરંભ આદિ હિંસાના ભાવો હોતા નથી. શાસ્રો રચે તેમાં પ્રતિમાજી કેવાં હોય? તેની પ્રતિષ્ઠા કેવી કરે? વગેરે બધું આવે એમાં દોષ નથી. પંચાધ્યાયીમાં કહેલ છે કે-કોઈ વખત દેવ-ગુરુ ઉપર આપદા આવે તો તેના રક્ષણ અર્થે ગૃહસ્થ સામનો કરે, પ્રભાવના અર્થે પૈસા પણ ખર્ચે એ ગૃહસ્થનો ધર્મ છે. જેમ કુટુંબ માટે એના ઉપર રાગ હોય છે એટલે પૈસા ખર્ચે છે અને સ્રી ઉપર કોઈક હુમલો કરે તો સામનો પણ કરે એમ ધર્મીને દેવ-શાસ્ર-ગુરુ ઉપર રાગ હોય છે એટલે શુભ રાગ આવ્યા વિના રહેતો નથી. પણ અહીં તો મુનિની વાત છે એટલે મુનિને એવો રાગ હોતો નથી એમ કહે છે.

ભાવાર્થ:-ભગવાને ધર્મ તો હિંસા રહિત કહ્યો છે માટે દેવ-ગુરુના કાર્ય અર્થે પણ મુનિ હિંસાનો આરંભ ન કરે, શ્વેતામ્બર કહે તે મિથ્યા છે.

મધ્યસ્થતાથી આ વાત સમજવા જેવી છે. કોઈના વાડાની આ વાત નથી. ''જ્યાં

જ્યાં જે જે યોગ્ય છે ત્યાં સમજવું તેહ,'' અનંતકાળે મનુષ્ય ભવ મળ્યો છે. ત્યાં જો યથાર્થ જ્ઞાન નહિ કરે તો આરો આવે એમ નથી. અનંતા ભવો ચાલ્યા ગયા અને આ ભવ પણ ચાલ્યો જશે માટે યથાર્થ વસ્તુસ્વરૂપ શું છે! એનો નિર્ણય કરી લેવા જેવું છે.

હવે આગળ ધર્મનું દુર્લભપણું દર્શાવે છે.

इदि एसो जिणधम्मो अलद्धपुव्वो अणाएकाले वि ।
मिछत्तसंजुदाणं जीवाणं लद्धिहीणाणं ॥४०८॥

અર્થ:–''એ પ્રમાણે જે જીવ અનાદિકાળથી મિથ્યાત્વસંયુક્ત છે જેને કાળાદિ લબ્ધિ પ્રાપ્ત થઈ નથી તેને આ જિનેશ્વરદેવનો ધર્મ અલબ્ધપૂર્વ છે અર્થાત્ પૂર્વે કદી પણ તે પામ્યો નથી.''

અનાદિથી આત્માના સ્વરૂપને સમજ્યા વિના અજ્ઞાનથી જીવ સંસારમાં રખડે છે. અનંત કાળમાં એક સેકન્ડમાત્ર પણ વીતરાગે કહેલા નિશ્ચય-વ્યવહારના સ્વરૂપને પામ્યો નથી માટે ક્યાંક ક્યાંક ગોટા રહી ગયા છે. અત્યારે તો જૈન સંપ્રદાયમાં પણ ઘણો ફેરફાર થઈ ગયો છે માટે શાંતિથી વિચારવું જોઈએ, પોતે સમજે તો સમજી શકાય એમ છે. ઘણાં પડખાથી કહેવાય છે. જે સમજશે તે પરમાત્મા થશે.

કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ કરવા જેવું નથી પણ માર્ગનું સ્વરૂપ જેવું છે એવું કહ્યા વિના સમજાય તેમ પણ નથી, તેથી એવો જ વિકલ્પ પણ આવે, અને વાણી તો વાણીના કારણે હોય છે તેથી પક્ષપાત મૂકી દઈને સત્યનો વિચાર કરવો જોઈએ અને જો મેળ ન ખાય તો પૂછવું જોઈએ.

ભાવાર્થ:– જીવોને અનાદિકાળથી મિથ્યાત્વની અલટ (ગાંઠ) એવી છે કે તેને જીવ–અજીવાદિ તત્ત્વાર્થોનું શ્રદ્ધાન કદી પણ થયું નથી અને તત્ત્વાર્થ શ્રદ્ધાન વિના અહિંસા ધર્મની પ્રાપ્તિ ક્યાંથી હોય?

*[ક્રમશઃ]*

* * * *

*[નોંધ : ઉત્તમ ક્ષમા આદિ દસ પ્રકારના ધર્મોની ગાથાઓ ૩૯૪ થી ૪૦૪ ઉપરના પ્રવચનો આત્મધર્મ અંક નં. ૫૭૫માં પર્યુષણપર્વપ્રસંગે છપાઈ ચૂક્યા છે, તેથી તે પ્રવચનો ક્રમમાં હોવા છતાં પણ અત્રે ફરીથી આપેલ નથી.]*

**દશલક્ષણ પર્યુષણ પર્વ :** ભાદરવા સુદ ૫, શુક્રવાર, તા. ૯-૯-૯૪ થી ભાદરવા સુદ ૧૪, રવિવાર તા. ૧૮-૯-૯૨ દસ દિવસ સુધી 'શ્રી દશલક્ષણ પર્યુષણ પર્વ' દશલક્ષણ મંડલવિધાન પૂજા તથા મુનિધર્મ-મહિમાયુક્ત અધ્યાત્મજ્ઞાન, વૈરાગ્ય તેમ જ ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. ભાદરવા સુદ ૧૩ થી ૧૫ શ્રી રત્નત્રયધર્મ પણ ઉજવવામાં આવશે.

**ઉત્તમક્ષમાવાણી પર્વ :** ભાદરવા વદ ૧, મંગળવાર, તા ૨૦-૯-૯૨ના રોજ પૂજાભક્તિ અને સમૂહ-ક્ષમાવણીપૂર્વક ક્ષમાવણીપર્વ ઉજવવામાં આવશે.

# નિશ્ચય-વ્યવહારનું અવિરોધપણું કઈ રીતે?

(શ્રી પંચાસ્તિકાય ગાથા ૧૭૨ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

નિશ્ચય-વ્યવહારનું અવિરોધપણું કઈ રીતે છે તે જાણે તો વીતરાગતા પ્રગટ થાય. જે જીવને સ્વભાવનું ભાન તો થયું છે, આત્મા અખંડ જ્ઞાયક સ્વરૂપ છું—એવી નિશ્ચયદૃષ્ટિ તો પ્રગટી છે, તેને કેવો વ્યવહાર હોય છે તે અહીં બતાવે છે. હું જ્ઞાયક બિંબ છું, પરમાં એક રજકણનો પણ ફેરવનાર હું નથી ને રાગનો પણ ખરેખર હું ફેરવનાર નથી, પર્યાયને પણ ફેરવવાની બુદ્ધિ નથી, ત્રિકાળી જ્ઞાયક દ્રવ્યની સન્મુખ થઈને પર્યાય પરિણમે છે,—આવી દશામાં હજી પૂર્ણ વીતરાગતા ન થઈ હોય ત્યાં સર્વજ્ઞદેવની ભક્તિ-બહુમાનનો વિકલ્પ આવે છે તેને વ્યવહાર કહે છે. નિશ્ચયસ્વભાવની શ્રદ્ધા તેમ જ વ્યવહારમાં સર્વજ્ઞદેવની શ્રદ્ધા એ બંન્ને એક સાથે છે. દૃષ્ટિમાં તો નિર્વિકલ્પ સ્વભાવનું જ અવલંબન છે પણ હજી તે સ્વભાવમાં નિર્વિકલ્પપણે લીનતા થઈ નથી ત્યાં એવા વિચાર આવે છે કે હું જીવતત્ત્વ પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્યમય છું શરીરાદિ અજીવતત્ત્વો મારાથી ભિન્ન છે, સર્વજ્ઞદેવ શ્રદ્ધા કરવાયોગ્ય છે, અન્ય કુદેવાદિ શ્રદ્ધા કરવા યોગ્ય નથી, દયા, પૂજા વગેરેનો શુભભાવ તે પુણ્યતત્ત્વ છે—એમ શ્રદ્ધા કરવા જેવી છે, પણ પૂજા વગેરેનો શુભરાગ ધર્મનું કારણ છે એમ શ્રદ્ધા કરવા જેવું નથી. આ પ્રમાણે ભિન્ન-ભિન્ન તત્ત્વોના વિચાર આવે છે તેને અહીં વ્યવહાર કહ્યો છે.નવ તત્ત્વો છે તેનું સ્વરૂપ ભિન્ન-ભિન્ન છે, શરીરાદિ અજીવ છે તેને લીધે પુણ્ય-પાપ થતા નથી. જો અજીવથી પુણ્ય-પાપ થતા હોય તો નવતત્ત્વો ભિન્ન રહેતા નથી. એ જ પ્રમાણે દયા-પૂજા-વ્રત વગેરેના પુણ્યભાવ છે તે આસ્રવ છે, તેનાથી સંવર થતો નથી. જો પુણ્યથી સંવર થવાનું માને તો નવ તત્ત્વો ભિન્ન-ભિન્ન રહેતા નથી, માટે જીવને જીવ, અજીવને અજીવ, પુણ્યને પુણ્ય, સંવરને સંવર ઈત્યાદિ નવે તત્ત્વોને જેમ છે તેમ જાણવા જોઈએ. ધર્મીજીવ જ્ઞાયક સ્વભાવની નિર્વિકલ્પ પ્રતીતપૂર્વક નવતત્ત્વો, છ દ્રવ્યો, પંચાસ્તિકાય વગેરેની જેમ છે તેમ શ્રદ્ધા કરે છે તે વ્યવહાર છે. છઠ્ઠા ગુણસ્થાને ભાવલિંગી સંતને પણ નવતત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ આવે છે, પંચપરમેષ્ઠીની ભક્તિનો વિકલ્પ આવે છે. આવો રાગ આવે છે, તેને ઉપચારથી તીર્થ કહેવાય છે. નિશ્ચયથી તો સ્વભાવના અવલંબને જ વીતરાગતા થાય છે અને તે જ તીર્થ છે.

આત્મા અખંડ જ્ઞાનાનંદ સ્વભાવ છે. તે સ્વભાવમાં જેને લીનતા થઈ છે તેને તો 'આ કરવા જેવું છે ને આ કરવા જેવું નથી' એવો વિકલ્પ પણ હોતો નથી. સમ્યગ્દૃષ્ટિને રાગ વખતે તેવો વિકલ્પ આવે છે, પણ તે વિકલ્પની ભાવના જ નથી, આ વિકલ્પને બીજી ક્ષણે લંબાવું—એવી તેની ભાવના નથી. છ દ્રવ્યોમાં કોઈ પણ દ્રવ્યને ઓછું માને તો તે

મિથ્યાશ્રદ્ધા છે, છ દ્રવ્યોમાં કાળદ્રવ્યને ન માને તો તે જીવને વીતરાગની વાણીની શ્રદ્ધા નથી, નવ તત્ત્વોને યથાર્થપણે જે માનતા ન હોય તે વ્યક્તિ શ્રદ્ધા કરવા યોગ્ય નથી, જે શાસ્ત્રોમાં છ દ્રવ્ય નવ તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ કહ્યું ન હોય તે શાસ્ત્રો શ્રદ્ધા કરવા જેવાં નથી. આવો વિચાર શુભરાગ વખતે ચોથા-પાંચમાં-છઠ્ઠા ગુણસ્થાને આવે છે તે વ્યવહાર છે. બહારની ક્રિયા તો તેને કારણે થાય છે, તેનો કર્તા આત્મા નથી. અંતરમાં ચિદાનંદ સ્વભાવનું ભાન કરવું તે અનંતકાળમાં નહિ કરેલો એવો અપૂર્વ પુરુષાર્થ છે. મિથ્યાદૃષ્ટિ–કુલિંગી જીવો શ્રદ્ધા કરવાયોગ્ય નથી ને સર્વજ્ઞદેવ તથા ભાવલિંગી સંતો શ્રદ્ધા કરવાયોગ્ય છે, તથા શ્રદ્ધા કરનાર પુરુષ એવો હોય છે કે ત્રણ લોક ફરી જાય તોપણ તેની શ્રદ્ધા ન ફરે! એકેક આત્મા સ્વતંત્ર, એકેક આત્મામાં અનંત ગુણો, એકેક ગુણની અનંત પર્યાય અને એકેક પર્યાયમાં અનંત અવિભાગ-પ્રતિચ્છેદ—આવું વસ્તુસ્વરૂપ જૈનશાસન સિવાય બીજે ક્યાંય હોય જ નહિ. આવા વસ્તુસ્વરૂપની શ્રદ્ધા કરનારો જીવ એવો હોય છે કે જગત આખું ન માને તોપણ તેની શ્રદ્ધા ન ફરે, આવી યથાર્થ વસ્તુસ્વરૂપની શ્રદ્ધા કરે છે તેનું નામ શ્રદ્ધાન છે. આનાથી વિરુદ્ધ માને તેનું નામ અશ્રદ્ધાન છે. આ પ્રમાણે શ્રદ્ધા સંબંધી વિચાર કરે છે તેનું નામ વ્યવહાર છે, ને અભેદસ્વભાવની શ્રદ્ધા થઈ છે તે નિશ્ચય છે. એ પ્રમાણે નિશ્ચય-વ્યવહાર બંને એક સાથે છે. નિશ્ચય સમ્યગ્દર્શન તો અભેદ-નિર્વિકલ્પ વીતરાગ પર્યાય છે ને વ્યવહાર સમ્યગ્દર્શન છે તેમાં સાથે વિકલ્પ છે તે રાગ છે. ચોથા ગુણસ્થાને શુદ્ધ સ્વભાવની નિર્વિકલ્પ શ્રદ્ધા થઈ તે નિશ્ચય સમ્યગ્દર્શન છે; ને શ્રદ્ધા કરવાયોગ્ય તત્ત્વનો વિચાર તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. નિશ્ચય સહિતનો આવો વ્યવહાર હોય છે, તે વ્યવહારને ન માને તો મિથ્યાદૃષ્ટિ છે ને વ્યવહારને જ ધર્મ માની લ્યે તો તે પણ મિથ્યાદૃષ્ટિ છે. નિશ્ચય સ્વભાવના આશ્રયે ધર્મ છે. વ્યવહારથી નિશ્ચય પ્રગટે એમ માને તો તેની માન્યતામાં નિશ્ચય અને વ્યવહાર જુદા રહેતા નથી એટલે એકાંત થઈ જાય છે. પહેલાં વસ્તુસ્વભાવનું ભાન થયા પછી તે વસ્તુના અવલંબને જેમ જેમ શુદ્ધતા વધે છે તેમ તેમ તે શુદ્ધતા અનુસાર પડિમા હોય છે, અને ત્યાં ભૂમિકા અનુસાર પડિમાનો વિકલ્પ આવે છે, તે વ્યવહાર છે.

વળી શ્રદ્ધાની જેમ જ્ઞાનનો વ્યવહાર પણ કહે છે;—અંદરમાં જ્ઞાનને સ્વસન્મુખ કરીને આત્માને તો સ્વસંવેદનથી જાણ્યો છે, ને રાગ વખતે ધર્મીજીવ એમ વિચારે છે કે 'હું જ્ઞાતા છું ને ત્રણકાળ ત્રણલોક મારા જ્ઞાનમાં જાણવાયોગ્ય છે, જ્ઞાન મારો ગુણ છે, જ્ઞાનનું કાર્ય રાગ નથી, રાગનું કાર્ય જ્ઞાન નથી. રાગ પણ ખરેખર મારા જ્ઞાનનું જ્ઞેય છે,' પોતાની શક્તિ થોડી હોય તો અમુક પ્રયોજનભૂત તત્વો જ જાણે, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા હોય, કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર કેવા હોય—એ જાણવા યોગ્ય છે—એ પ્રમાણે જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયના ભેદથી વિચાર કરવો તે વ્યવહાર છે.

જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય છે તે ભાવ બંધનું કારણ હોવાથી આસ્રવ છે, તેને મોક્ષનું કારણ માને તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનીને કોઈ શુભાસ્રવની ભાવના નથી પણ નિષેધ વર્તે છે. પોતાની નબળાઈ છે ત્યાં સુધી શુભરાગ હોય છે પણ જો તેની રુચિ કરે તો રાગરહિત સ્વભાવનો અનાદર થઈ જાય છે, એટલે મિથ્યાત્વ થઈ જાય છે.

જ્ઞાની વિચારે છે કે આ આચરવા યોગ્ય છે. સમ્યગ્દર્શન થતાં નિઃશંકિત આદિ આઠ આચાર છે તેના શુભ વિકલ્પ આવે છે. ચોથા–પાંચમાં–છઠ્ઠા ગુણસ્થાનમાં ભૂમિકા પ્રમાણે શુભરાગના વિકલ્પ હોય છે એ વ્યવહાર છે.

છઠ્ઠા ગુણસ્થાને વસ્ત્રાદિ તથા અધઃકર્મી, ઉદ્દેશિક આહાર લેવાનો વિકલ્પ હોતો નથી પણ નિર્દોષ આહારનો જ વિકલ્પ હોય છે તથા દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર, ૨૮ મૂળગુણના શુભવિકલ્પ આવે છે તે વ્યવહાર આચરણ છે એમ મુનિ જાણે છે, એ સહજ આવે છે. ક્રમબદ્ધ અવસ્થા ફરતી નથી પણ ભૂમિકા અનુસાર રાગની મર્યાદા હોય છે.

ચોથા ગુણસ્થાને મદ્ય, માંસ, દારૂ નહિ લેવાની ઈચ્છા સહજ હોય છે કેમકે તીવ્ર રાગનું આચરણ ન જોઈએ એવી દૃઢતા ત્યાં હોય છે. મુનિઓને પંચમહાવ્રતાદિ આચરવાની વૃત્તિ હોય છે તે છઠ્ઠાગુણસ્થાનને યોગ્ય છે. ભાવમાં નિર્ગ્રંથ મુનિદશા હોય અને બહારમાં ગમે તેવું વિરુદ્ધ આચરણ હોય એમ બને નહિ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એવો હોય જ છે કે વસ્ત્રની મૂર્છા અને આસક્તિ ગઈ છે ત્યાં વસ્ત્ર હોય જ નહિ. વસ્ત્રાદિના ત્યાગના કારણે મુનિપદ નથી પણ વીતરાગદશાની ભૂમિકાનું અભેદચારિત્ર થાય તેને યોગ્ય નિમિત્ત અને રાગ હોય, વિરુદ્ધ ન હોય.

લોકોને બાહ્યચીજોનું ગ્રહણ-ત્યાગ જોઈએ છે પણ કોઈ અપેક્ષાએ પરનું ગ્રહણ ત્યાગ આત્મામાં છે જ નહિ. રાગના લક્ષે પણ રાગ છૂટતો નથી કેમકે જે સમયે રાગ ઉત્પન્ન થયો તે સમયે તે છોડી શકાતો નથી ને માને છે કે છોડું છું તો મિથ્યાદૃષ્ટિપણું થાય છે.

શાસ્ત્રમાં કથન આવે કે રાગ–કષાય છોડો પણ જે સમયે રાગ થયો છે તેને છોડવો શું? તે તો બીજે સમયે વ્યય થાય જ છે અને નથી થયો તેને છોડવો શું? માટે રાગને છોડવો નથી પરંતુ સ્વભાવદૃષ્ટિ કરતાં રાગ થતો નથી તેને રાગ છોડ્યો એમ કહેવાય છે. રાગ હું છોડું એમ નિશ્ચયથી માને તો રાગનો ગ્રહણ કરનારો છું એવી મિથ્યાબુદ્ધિ થાય છે. જ્ઞાનીને પૂર્ણ સ્વભાવની મુખ્યતા છે છતાં નબળાઈથી વિકલ્પ આવે કે આ કર્તવ્ય છે અને આ કર્તવ્ય નથી. જ્યાં જે અપેક્ષાથી કથન છે ત્યાં તેટલું ન સમજે તો વિપરીતતા થાય.

જૈનદર્શન એવું છે કે એકલા સ્વચ્છંદે સમજી લે એમ નથી અને ગુરુકૃપાથી મળી જાય એમ નથી પણ જે સત્ય સમજી લે છે તે વિનયથી ઉપચારથી કહે કે અહો મારા ગુરુએ મને અનુગ્રહપૂર્વક શુદ્ધાત્માનો ઉપદેશ દીધો. મારો અંતરવૈભવ ગુરુગમથી ગુરુના અનુગ્રહથી પ્રગટ થયો (સમયસાર ગાથા–૫) પણ તેનો અર્થ એ છે કે મારી પાત્રતાથી જ નિજવૈભવ પ્રગટ થયેલ છે.

મારી લાયકાત હોય ને સુગુરુ ન મળે એમ બને નહિ. દેશનાલબ્ધિમાં જ્ઞાની જ નિમિત્ત હોય પણ નિમિત્તથી અને વિકલ્પથી સમજાતું નથી.

શ્રદ્ધા, કરનાર, જ્ઞાન કરનાર અને આચરણ કરનાર આત્મા જ છે. મન, વાણી, દેહ, વિકલ્પ તે મોક્ષમાર્ગનું આચરણ નથી. આવા વિકલ્પ જ્ઞાનીને જરૂર આવે છે. એવું ન આવે

તે નિશ્ચયાભાસી છે. વીતરાગભાવ તે ચારિત્ર છે અને જેટલો રાગ તે અચારિત્ર છે—
જ્ઞાની જાણે છે.

વસ્ત્રથી ચારિત્ર નથી અને વસ્ત્રના ત્યાગથી ચારિત્ર નથી અને વસ્ત્રનો સંબંધ
અને મુનિપણું હોય એમ બને નહિ. વસ્ત્ર તથા શરીરની ક્રિયા તે વ્યવહાર નથી
વીતરાગતા સહિત ૨૮ મૂળગુણના શુભવિકલ્પ વર્તે છે તે વ્યવહાર છે.

ભગવાન મહાવીરને પણ છટ્ઠે ગુણસ્થાને ૨૮ મૂળગુણ વગેરેના શુભવિકલ્પ આવે
જો કે તે નિશ્ચયથી અચારિત્ર છે પણ તે ભૂમિકા મુજબ હોય છે.

જૈનધર્મની એવી આમ્નાય છે કે જેની જે ભૂમિકા હોય તેનાથી વિરુદ્ધ રાગ તો
છે—દોષ છે, પણ ચોથું ગુણસ્થાન હોય અને વ્રતાદિનો શુભરાગ ન હોય તો તે ભૂમિ
વિરુદ્ધ નથી. મુનિદશામાં મુનિયોગ્ય વિકલ્પ રાગ હોય છે પણ તે ધર્મ નથી એમ જ
તે નિશ્ચય-વ્યવહારની સંધિ છે, તે પ્રમાણજ્ઞાનનો વિષય છે. (ક્રમ

## વૈરાગ્ય-સમાચાર :—

❖ લંડનનિવાસી શ્રી રૂપાળીબેન અમરચંદ ડગલી (વર્ષ-૭૮) તા. ૧૪-૭-૯૪ના
ઘાટકોપર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. ઘાટકોપરના આંગણે ઉજવાયેલ પંચકલ્યાણક પ્ર
મહોત્સવનો લાભ લેવા તેઓ લંડનથી આવેલા ને આઠ દિવસ અત્યંત ઉત્સાહથી
લીધો હતો. ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના પ્રતિમા બિરાજમાન કરવાનો અપૂર્વલાભ
હતો.

❖ નાગનેશનિવાસી સોનગઢવાસી સ્વ. ખીમચંદભાઈ છોટાલાલ ઝોબાળિયાની સુપુત્રી
ચંદુભાઈ, મૂળચંદભાઈ, વસંતભાઈનાં બહેન) શ્રી તારામતીબેનનો (વર્ષ-૫૫) સોનગઢમાં
૨૩-૭-૯૪ના દિને સ્વર્ગવાસ થયેલ છે. તેઓ સ્વભાવે ભદ્રિક, માયાળુ અને મિલનસાર
તેમણે પૂજ્ય ગુરુદેવ અને ભગવતી માતાના સત્સમાગમનો તથા તત્ત્વશ્રવણ—પૂજા—
વગેરેનો ઘણા વર્ષો સુધી રુચિપૂર્વક લાભ લીધો હતો; તથા જૈન અતિથિ સેવાસમિ
બેએક વર્ષ લાભ પણ લીધો હતો.

❖ વિરમગામનિવાસી સ્વ. શ્રી છોટાલાલ મોહનલાલ કામદારના નાનાભાઈ શ્રી કાંતિ
કામદાર (વર્ષ-૮૨) તા. ૨૩-૭-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❖ હીરાબેન માણેકલાલ ગાંધી (વર્ષ-૬૫ લગભગ) તા. ૨૧-૮-૯૪ના રોજ સ્વર્
પામ્યા છે. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી સોનગઢ રહેતા હતા.

❖ જામનગરનિવાસી જામનગર મુમુક્ષુમંડળના ઉપપ્રમુખ તથા ટ્રસ્ટી શ્રી મનસુખ
જેઠાલાલ મહેતા (વર્ષ-૭૨) તા. ૨૮-૭-૯૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઉપ
તરીકે ખૂબ સારી સેવા આપી હતી.

## સુવર્ણપુરી સમાચાર :—

### સુરેન્દ્રનગરનિવાસી શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ-પરિવાર તરફથી અધ્યાત્મતીર્થક્ષેત્ર સુવર્ણપુરીમાં અત્યંત આનંદોલ્લાસથી ઉજવાયેલ

# બહેનશ્રી ચંપાબહેનની ૮૧મી જન્મજયંતી

દુર્લભ એવી દ્રવ્યદૃષ્ટિની પ્રાપ્તિ અર્થે પરમાત્મપણાનો મહામંત્ર આપી મુમુક્ષુસમાજને પુરુષાર્થની પ્રેરણા આપનાર અનંત ઉપકારી ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીનાઅધ્યાત્મ-ઉપદેશને ગ્રહણ કરીને તેઓશ્રીની અસીમ-ઉપકારી છત્રછાયામાં નાની ઉંમરમાં સ્વાનુભૂતિ કરી લેનાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી કે જેમની અંતરંગ વિશિષ્ટ નિર્મળદશા, જાતિસ્મરણ તથા વચનામૃત-વાણી આદિની પ્રશંસા પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી સાંભળવાનો આપણને સૌને અનેકવાર લાભ મળ્યો છે તેમનો ૮૧મો જન્મજયંતી-મહોત્સવ તા. ૧૯-૮-૯૪ થી તા. ૨૩-૮-૯૪ સુરેન્દ્રનગરનિવાસી શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ- પરિવાર તરફથી આપણા આદરણીય આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈ જેઠાલાલ શાહની દેવ–ગુરુ-ભક્તિભીની ઉપસ્થિતિમાં સુવર્ણપુરીમાં પાંચ દિવસના ભવ્ય સમારોહપૂર્વક ૩૦૦૦થી અધિક મહેમાનોની ઉપસ્થિતિમાં અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. બેંગલોરથી શ્રી મનુભાઈ શેઠ સાથે ૧૦૦ કન્નડભાષી મુમુક્ષુઓ પણ આવ્યા હતા જેમણે કન્નડભાષામાં ભક્તિભીનો કાર્યક્રમ પણ આપ્યો હતો.

આ મંગલ અવસરે 'શ્રી ચૌંસઠઋદ્ધિ-મંડલ'ના વિવિધરંગી મોતીનિર્મિત માંડલું, ચંદરવો તેમ જ ભવ્ય પ્રવેશદ્વાર તથા સમારોહમંડપમાં અનેકપ્રકારનું મનોહર તેમ જ ચિત્તાકર્ષક ભવ્ય સુશોભન કરવામાં આવ્યું હતું. પૂજ્ય બહેનશ્રીના મનોહર વિશાળ ચિત્રપટ યુક્ત પ્રવેશદ્વાર એટલું બધું ભવ્ય હતું કે જાણે પૂજ્ય બહેનશ્રી મંગલ આશિષ પ્રદાન હેતુ અંતરીક્ષમાં સ્વયં પધાર્યા હોય !

આ આનંદકારી ઉત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે ઓડિયો-ટેપ દ્વારા પૂજ્ય બહેનશ્રીની શાંતરસઝરતી દેવ–ગુરુભક્તિ તેમ જ સ્વાનુભવ રસભીની ધર્મચર્ચા, જિનેન્દ્ર–દર્શન, તાત્ત્વિક તેમ જ ભક્તિસૂત્રોથી અંકિત ભવ્ય 'બેનર' તેમ જ વિવિધ નયનરમ્ય ભવ્ય શૃંગાર સજાવવામાં આવેલા મનોહર મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સમયસાર ગાથા ૬ તથા ૧૧ ઉપર સ્વાનુભવરસ ઝરતું, પુરુષાર્થપ્રેરક સ્વાનુભૂતિમાર્ગદર્શક અલૌકિક આધ્યાત્મિક ટેપ પ્રવચન, આદરણીય પંડિતજી દ્વારા પ્રાસંગિક સમૂહભક્તિ, ત્યારબાદ પરમાગમમંદિરમાં શ્રી ચૌંસઠઋદ્ધિમંડળ વિધાન પૂજા, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે સમાગત વિદ્વાન પંડિતો દ્વારા 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર શાસ્ત્રપ્રવચન, પરમાગમમંદિરમાં જિનેન્દ્રભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, તા ૨૧ના રોજ સાંજે શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહના ઘરે મહિલાઓ દ્વારા ભક્તિ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું

'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર ભાવવાહી ટેપપ્રવચન અને છેલ્લે તીર્થયાત્રાની વિડિયો દ્વારા ગુરુદર્શન તેમ જ બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા–ઉત્સવ દરમિયાન આ કાર્યક્રમ બરાબર નિયમિત ચાલતો હતો. પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુની ઉપસ્થિતિથી સ્થાન ભરાઈ જતું હતું.

બહેનશ્રીની જન્મજયંતીના હર્ષોપલક્ષમાં તા. ૨૨ ઓગસ્ટના રોજ બપોરે 'ધાતકી–વિદેહના ભાવિ–તીર્થંકરદેવ'ના ભવ્ય રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ણ–રજતનિર્મિત ત્રિપિઠિકાયુક્ત ભવ્ય ગંધકૂટી પર બિરાજમાન ભાવિ–ભગવાનનો સમવસરણ–વિહાર સર્વે ભક્તોને અતિ આનંદકારી અનુભૂતિ થતો હતો. રથયાત્રામાં અનેક ભવ્ય સજાવટ સાથે 'તેજબાનંદિની ચમ્પાકુંવરી'ના પારણા ઝૂલનનું એક મનોહર 'ફ્લોટ–(FLOAT)' બધાના ભક્તિભીના ચિત્ત પોતાના તરફ કેન્દ્રિત કરતું હતું. પારણાઝૂલનની બોલીનો લાભ મુંબઈનિવાસી શ્રી દીપકભાઈ મનસુખલાલ દોશી (હસ્તે શ્રી પુષ્પાબેન દોશી) ને પ્રાપ્ત થયો હતો.

રથોત્સવની ભવ્યતા જોઈને ગ્રામજનતા પ્રસન્નતાથી મહાન ધર્મપ્રભાવક સંતપુરુષ પૂજ્ય ગુરુદેવ તેમ જ તેમના ભક્તરત્ન પૂજ્ય બહેનશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. ઘાટકોપર તેમ જ વઢવાણની ભજન–મંડળીએ પણ વાતાવરણ ભક્તિમય બનાવીને રથોત્સવને અધિક રોચક બનાવ્યો હતો.

આ મંગલ મહોત્સવમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર સર્વશ્રી બ્ર. વ્રજલાલભાઈ શાહ, હિમ્મતભાઈ ડગલી, ડૉ. પ્રવિણભાઈ દોશી, સુરેશભાઈ સંઘવી તથા બ્ર. ચંદુભાઈ ઝોબાલિયાએ શાસ્ત્ર-પ્રવચન કર્યા હતા. રક્ષાબંધનનો મંગલ પર્વ મુનિપૂજા તેમ જ ભક્તિના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

તા. ૨૧ તથા તા.૨૨ના રાત્રે શ્રી રસિકભાઈ શાહના બ્રહ્મચારી બહેનો શ્રી શારદાબેન તેમજ શ્રી સુશીલાબેનના ઉત્સાહપૂર્ણ શ્રમ દ્વારા તૈયાર કરવામાં આવેલ સુરેન્દ્રનગરની બાલિકાઓના સાંસ્કૃતિક કાર્યક્રમો–મહાબલરાજાને પોતાના મંત્રી દ્વારા વૈરાગ્ય સંબોધન અને દીક્ષાગ્રહણ માટે ગમન; શ્રી સુદર્શન શેઠનું બ્રહ્મચર્યમાં અડગપણું; પૂજ્ય બહેનશ્રીનું આદર્શજીવન–દેખીને ભક્તસમુદાય અત્યંત પ્રમોદિત થયો હતો.

## શ્રાવણ વદ બીજ : બહેનશ્રીની જન્મજયંતી

ગુરુભક્ત મુમુક્ષુઓ માટે ભક્તશિરોમણિ પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતીનોઆ દિન–શ્રાવણ વદ બીજ–મહા આનંદકારી દિવસ છે. શ્રાવણ વદ બીજના રોજ સવારે દેવદર્શન બાદ ભવ્ય સુશોભિત વિશાલ મંડપમાં ક્રમશઃ 'સદ્‌ગુરુ-સ્તુતિ', આદરણીય પંડિતજી દ્વારા પ્રણિપાતસ્તુતિ તથા વિડિયો-ટેપ દ્વારા કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય પૂજ્ય બહેનશ્રીનું માંગલિક અને તેઓશ્રીની ગુરુભક્તિભીની અધ્યાત્મ-રસપ્રધાન તાત્ત્વિક ચર્ચાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ પરમાગમમંદિરમાં ચૌંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા અને તેનું સમાપન, પૂજ્ય બહેનશ્રીના જન્મધામ (વઢવાણ)ના અતિ રમણીય પ્રતિકૃતિયુક્ત સુશોભિત મંચ ઉપર આપણા સર્વોત્કૃષ્ટ ઉપકારી પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ ભવ્ય સ્ટેચ્યૂ સમક્ષ શ્રી

સમયસાર ગાથા ૧૧ ઉપર અત્યંત માર્મિક અદ્‌ભુત ઓડિયો-ટેપપ્રવચન અને છેલ્લી ૧૩ મિનિટ પૂજ્ય બહેનશ્રીના જાતિસ્મરણજ્ઞાનથી જાણેલાં ભૂત–વર્તમાન–ભવિષ્ય સંબંધી વિવરણ–જે સાંભળીને મુમુક્ષુઓ આનંદથી ગદ્‌ગદ્ થઈ ગયા હતા.

ત્યાર બાદ મંચ ઉપર રાખવામાં આવેલા પૂજ્ય બહેનશ્રીના વિશાળ ચિત્રપટ સમક્ષ, વધાવવાનો આનંદકારી ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સર્વપ્રથમ આપણા આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈએ અને ત્યારબાદ સેંકડો પરિવારે ભક્તિ ગાતા ગાતા પૂજ્ય બહેનશ્રીને વધાવવાનો આનંદકારી લાભ લીધો હતો.

બપોરે 'બહેશ્રીનાં વચનામૃત' ઉપર શાસ્ત્રવાંચન, દેવ–ગુરુભક્તિ, સાંજે જિનેન્દ્ર-આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ભાવવાહી ટેપપ્રવચન, અને અંતમાં યાત્રા–વિડિયો દ્વારા ગુરુદર્શન તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચાનો કાર્યક્રમ બહુ આનંદ પૂર્વક સમ્પન્ન થયો હતો.

**આ શુભ અવસરે 'શ્રી ચૌંસઠઋદ્ધિમંડલવિધાનપૂજા' (કાયમી):–**

૧. શ્રી કાંતાબહેન અનુપચંદ ખારા, રાંચી; ૨. કેટલાંક બ્ર. બહેનો, સોનગઢ; ૩. શ્રી અંજવાળીબહેન જગજીવનદાસ દોશી, સાવરકુંડલા; ૪. શ્રી વ્રજલાલ જેઠાલાલ શાહ, (હ.જિતુભાઈ), સોનગઢ; ૫. શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી–પરિવાર, મુંબઈ; ૬. શ્રી પોપટલાલ લહેરાભાઈ તેમ જ શ્રી ચંપાબહેન પોપટલાલ ગોસળિયા, સોનગઢ; ૭. શ્રી નવીનચંદ્ર પોપટલાલ શાહ, બોરીવલી; ૮. શ્રી પુષ્પાબહેન મનસુખલાલ દોશી–પરિવાર, મુંબઈ; ૯. શ્રી જ્યોતિબહેન પ્રવીણચંદ્ર મહેતા, મુંબઈ; ૧૦ બ્ર. શારદાબહેન જયસુખલાલ સંઘાણી, રાજકોટ; ૧૧. શ્રી રતીલાલ હરગોવિંદદાસ મોદી (હ. ચંપાબહેન), સોનગઢ; ૧૨. શ્રી જયેશભાઈ દોલતરાય મહેતા (હ. શ્રી પુષ્પાબહેન), જામનગર; ૧૩. શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર–પરિવાર, રાજકોટ; ૧૪. એક મુમુક્ષુ (હ. ડૉ. જામન મહેતા), ઉદયપુર; ૧૫. કળાબહેન હસમુખલાલ વોરા, મુંબઈ; ૧૬ શ્રી રળિયાતબહેન રાયચંદભાઈ શાહ (રાયચંદભાઈના માતાજી સ્વ૦ વેજીબહેન, મામા સ્વ. રામજી રૂપશી તથા મામી સ્વ. ગંગાબહેન રામજીના સ્મરણાર્થે) નાઈરોબી; ૧૭. શ્રી જયન્તીલાલ ચત્રભુજ કામદાર (તેમના ધર્મપત્ની સ્વ૦ ભાનુબહેન તથા પુત્ર સ્વ૦ પ્રકાશભાઈ ના સ્મરણાર્થે), મુંબઈ; ૧૮. શ્રી લલિતાબહેન જયન્તીલાલ મહેતા, મુંબઈ; ૧૯. શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ–પરિવાર (સ્વ૦ જ્ઞાનેશના સ્મરણાર્થે હ. પુષ્પાબહેન), સુરેન્દ્રનગર; ૨૦. શ્રી ગંગાબહેન પ્રેમચન્દ કેશવજી શાહ–પરિવાર, નાઈરોબી; ૨૧. શ્રી ગુલાબબહેન, શાંતાબેન, અચરજબેન જામનગરવાળા હસ્તે બ્ર. ચંદ્રપ્રભાબેન તથા બ્ર. જશીબેન, સોનગઢ; ૨૨. શ્રી નવલચન્દ જગજીવનદાસ શાહ, હ. શ્રી મુક્તાબહેન, સોનગઢ; ૨૩. શ્રી ત્રિવેણીબહેન નરોત્તમદાસ શાહ–પરિવાર, હ. શ્રી નીલમબહેન ધીરજલાલ શાહ, મુંબઈ; ૨૪. શ્રી પરષોત્તમદાસ ઓઘડદાસ તથા ઝવેરી બહેન પરષોત્તમદાસ કામદાર–પરિવાર, મુંબઈ; ૨૫. શ્રી ઈન્દુબહેન ચંપકલાલ સંઘવી–પરિવાર, મુંબઈ; ૨૬. શ્રી લીલાબહેન ધીરજલાલ બોરડિયા, હ. શ્રી મીનાબહેન કીર્તિકુમાર બોરડિયા, મુંબઈ; ૨૭. રૂપાળીબહેન અમરચંદભાઈ

ડગલી, લન્ડન; હા. રસિકભાઈ, ચંદ્રકાંતભાઈ, મહાસુખભાઈ તથા જિનબાળભાઈ; ૨૮. શ્રી વ્રજલાલ મગનલાલ મહેતા, સોનગઢ, હા. નિરુબહેન; ૨૯. અડતાલાવાળા શ્રી લલિતાબહેન પાનાચંદ અજમેરા, હા. ગુણવંતીબહેન, પ્રભાબહેન, લાભુબહેન, મંજુબહેન, સુધાબહેન ધીરજલાલ; સોનગઢ; ૩૦. શ્રી તારામતીબહેન ખીમચંદભાઈ ઝોબાળિયા, સોનગઢ; ૩૧. શ્રી પ્રભાબહેન નરોત્તમદાસ પારેખ, સોનગઢ; હા. શ્રી જિતુભાઈ પારેખ; ૩૨. લાતુરનિવાસી સ્વ. હરખચંદ નાથાલાલ કામદારના સ્મરણાર્થે, હા. કમળાબહેન કામદાર, વર્ષાબહેન શાહ તથા શીલાબહેન સંઘવી; ૩૩.બ્ર. શ્રી કંચનબહેન તથા ચંદ્રમણિબેન મણિલાલ શાહ, સોનગઢ.

**પ્રાસંગિક મંડલવિધાન પૂજા :** ૧. શ્રી જયંતીલાલ જગજીવનદાસ શાહ, સુરેન્દ્રનગર; ૨. શ્રી રમણીકલાલ જગજીવનદાસ શાહ, સુરેન્દ્રનગર; ૩. શ્રી હસમુખલાલ જગજીવનદાસ શાહ, સુરેન્દ્રનગર; ૪. શ્રી મરઘાબેન ધીરજલાલ શાહ, રાજકોટ; ૫. કાંતાબહેન હિંમતલાલ ડેલીવાળા, સુરેન્દ્રનગર; ૬. બ્ર. શારદાબહેન તથા બ્ર. સુશીલાબહેન શાહ, સોનગઢ; ૭. શ્રી કિરણબહેન અશોકકુમાર, સુરેન્દ્રનગર; ૮. ડૉ. વિભાબહેન ગૌતમભાઈ, રાજકોટ; ૯. શ્રી જગજીવનદાસ લક્ષ્મીચન્દ શેઠ, હા. મનહરભાઈ, મુંબઈ; ૧૦. શ્રી કાંતિલાલ જગજીવનદાસ શેઠ, વઢવાણ; ૧૧. શ્રી રસિકલાલ ન્યાલચન્દ ગોસળિયા, મુંબઈ; ૧૨. શ્રી નવલબહેન ચત્રભુજ કોઠારી, હા. જમનાદાસભાઈ તથા મહેન્દ્રભાઈ, સોનગઢ; ૧૩. શ્રી કપૂરચંદભાઈ ત્રિભોવનદાસ વોરા, હા. ગુણવંતભાઈ, કલકત્તા; ૧૪. સ્વ. મંગળાબહેન પ્રભુદાસભાઈ કામદાર, હા. પ્રભુદાસભાઈ તારાચંદ કામદાર–પરિવાર, સોનગઢ; ૧૫. સ્વ. ત્રિવેણીબહેન નરોત્તમદાસ ભાલાણી, હા. જયાબહેન લખુભાઈ ભાલાણી, બોટાદ; ૧૬. શ્રી લલિતાબહેન જયંતીલાલ મહેતા, મુંબઈ; ૧૭. શ્રી અરુણાબહેન પ્રવીણચંદ્ર મહેતા, સુરત; ૧૮. સ્વ. ઉમેદચંદ લાલચંદ ગાંધીના સ્મરણાર્થે, હા. ચંદનબહેન, ઘાટકોપર; ૧૯. શ્રી મનુભાઈ ત્રિભોવનદાસ ઝવેરી, મુંબઈ

**–તરફથી રાખવામાં આવી હતી.**

પાંચ દિવસના મહોત્સવમાં પાંચે દિવસ શ્રી રસિકલાલ જગજીવનદાસ શાહ તેમ જ નીચે જણાવેલ મહાનુભાવો તરફથી સ્વામીવાત્સલ્યભોજન આપવામાં આવ્યું હતું:–

**કાયમી જમણ :** ૧. શ્રી ઇન્દિરાબેન રમેશચંદ્ર દોશી (હા. શ્રી ભોગીલાલ ચત્રભુજ દોશી-પરિવાર), ઘાટકોપર; ૨. લખતરનિવાસી હરિભાઈ શિવલાલ દોશી (હા. શ્રી રતનબેન શિવલાલ મનજીભાઈ દોશી તથા શ્રી રમણીકભાઈ દોશી), દાદર; ૩. શ્રી હેમકુંવરબેન નરભેરામ કામાણી, જમશેદપુર (શ્રાવણી પૂર્ણિમા-સવારનું); ૪. શ્રી રળિયાતબેન રાયચંદભાઈ શાહ (શ્રી રાયચંદભાઈના માતુશ્રી સ્વ. વેજીબેન, મામા સ્વ. રામજી રૂપશી તથા મામી સ્વ. ગંગાબેન રામજીભાઈના સ્મરણાર્થે) નાઈરોબી; ૫. શ્રી સવિતાબેન વ્રજલાલ ડેલીવાળા–પરિવાર, સુરત (શ્રાવણ વદ બીજ સવારનું) અને પ્રાસંગિક જમણ શ્રી પ્રફુલ્લભાઈ દેવચંદ રાજા (નાઈરોબી) હસ્તે શ્રેયસ અને સુજલ તથા પ્રથમ દિવસે સવારે નાસ્તો બોટાદનિવાસી સ્વ. ઉમેદચંદ લાલચંદ ગાંધી (હાલ ઘાટકોપર)હસ્તે ચંદનબેન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની તેમ [illegible] કેસેટમાં ૨૫% ડિસકાઉન્ટ રાજકોટનિવાસી સ્વ. શ્રી પ્રભુલાલ મોહનલાલ [illegible] નિવાસી સ્વ. ઈચ્છાબેન વેલજીભાઈ દોશી હસ્તે બ્ર. શાનુબહેન ત[illegible] સોનગઢ તરફથી રાખવામાં આવેલ હતું.

ગુજરાતી તેમ જ હિન્દી 'આત્મ[illegible] [illegible]માં રૂા. ૪=૦૦ તથા આજીવનસભ્ય ફીમાં રૂા. ૨૫ ડિસ્કાઉન્ટ [illegible] કોઠારી, મુંબઈ; તરફથી રાખવામાં આવ્યુ હતું; ૨૦૪ નવા વાર્ષિક [illegible] આજીવનસભ્ય બન્યા હતા.

**સાહિત્યના વેચાણમાં નીચે પ્રમા[illegible] [illegible] રાખવામાં આવ્યું હતું :-**

૧૦% શ્રી કળાબેન હસમુખલાલ [illegible] મુંબઈ;
૫% સપાણી પરિવાર (હસ્તે શ્રી પ્રફુલ્લભાઈ [illegible] સપાણી) મદ્રાસ-હૈદરાબાદ
૫% શ્રી કનકબેન અનંતરાય શેઠ, સાયન [illegible] અનુજ શેઠ તથા દીપા હિતેન શેઠ.
૫% શ્રી શારદાબેન શાંતિલાલ શાહ, સાયન-[illegible] રેખા નેમિષ શાહ તથા કવિતા કેતન શાહ,
૨૫% શ્રી જયંતીલાલ ચત્રભુજ દોશી.

આ મંગલ અવસરે સંસ્થાને રૂ. ૭,[illegible]=[illegible]ની નીચે પ્રમાણે આવક થઈ હતીઃ-

| | |
|---|---|
| (૧) કાયમી મંડલવિધાન ખાતે | ૭૦,૦૦૦=૦૦ |
| (૨) પ્રાસંગિક મંડલવિધાન ખાતે | ૧૯,૦૧૯=૦૦ |
| (૩) પૂજ્ય બહેનશ્રી 'જન્મવધાઈ'માં રૂ. [illegible]×૨૨૩ | ૧,૧૧,૭૨૩=૦૦ |
| (૪) પૂજ્ય બહેનશ્રી 'જન્મવધાઈ'માં રૂ. [illegible]×૨૬ | ૨૭,૦૨૭=૦૦ |
| (૫) જન્મોત્સવ આયોજન ખાતે | ૧,૨૫,૦૦૦=૦૦ |
| (૬) રથયાત્રા ઉછામણી | ૭૪,૫૦૯=૦૦ |
| (૭) રથાયાત્રા-ભગવાનને વધાઈ તથા [illegible] | ૬,૬૯૮=૬૩ |
| (૮) પૂજા સામગ્રી ખાતે | ૧૩,૦૭૬=૦૦ |
| (૯) પ્રાંસગિક જમણ ખાતે | ૪,૦૦૦=૦૦ |
| (૧૦) શ્રાવણ વદ-૨ જન્મવધાઈ સ્ટેજ [illegible] | ૨૩,૫૨૬=૭૦ |
| (૧૧) ૮૧મી જન્મજયંતી પ્રસંગે ૮૧×[illegible] | [illegible]=૦૦ |
| (૧૨) પૂજ્ય બહેનશ્રીના નિવાસ્થાને | ૨૧,૨૦૧=૦૦ |
| (૧૩) ભોજનાલયમાં ફોટા ખાતે | ૨૫,૦૦૦=૦૦ |
| (૧૪) આરતી ખાતે | [illegible] |
| (૧૫) પંચ પરમાગમ પ્રકાશન ધ્રુવફંડ ખાતે | [illegible]=૦૦ |
| (૧૬) ૮૧મી જન્મજયંતી છૂટક | [illegible]=૦૦ |

| | |
|---|---|
| (૧૭) ગુપ્તભંડાર | ૧૮,૦૦૦=૦૦ |
| (૧૮) નિભાવ ફંડ ખાતે | ૧૫,૦૦૦=૦૦ |
| (૧૯) અન્ય શુભ ખાતે | ૫૦,૦૧૩=૦૦ |
| કુલ | ૭,૯૫,૨૫૮=૮૩ |

**ધાર્મિકશિક્ષણવર્ગ :** દર વર્ષની જેમ જન્મજયંતી પ્રસંગે રાખવામાં આવેલ ૨૦ દિવસિય તા. ૪-૮-૯૪ થી તા. ૨૩-૮-૯૪ -પ્રૌઢ શિક્ષિણવર્ગ તાત્ત્વિક અભ્યાસ તથા શિક્ષણાર્થીઓની સંખ્યાની દૃષ્ટિએ સફળ રહ્યો. ઉત્તમવર્ગમાં બ્ર. ચંદુભાઈ ઝોબાળિયાએ સવારે શ્રી પ્રવચનસાર ગાથા ૯૮ થી ૧૦૨ તથા ૧૦૬ ઉપર તથા સાંજે શ્રી સમયસાર ગાથા ૬ થી ૧૨ ઉપર તેમ જ મધ્યમવર્ગમાં બ્ર. વ્રજલાલભાઈ શાહે શ્રી જૈનસિદ્ધાંત પ્રશ્નોત્તરમાળ અને સાંજે શ્રી મોક્ષમાર્ગપ્રકાશક નવમા અધિકાર ઉપર શિક્ષણ આપ્યું હતું. સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ આદિથી તેમ જ હિન્દી પ્રાંતથી આવેલ શતાધિક શિક્ષણાર્થીઓએ આ શિક્ષણવર્ગનો પ્રમોદપૂર્વક લાભ લીધો હતો.

* * * *

**વૈરાગ્ય-સમાચાર–**

## શ્રી રતનલાલજી ગંગવાલની ચિરવિદાય

પૂજ્ય ગુરુદેવશ્રીના સદુપદેશથી તેમ જ ભગવતી માતાના પવિત્ર જીવનથી પ્રભાવિત થઈને અધ્યાત્મતીર્થ સોનગઢમાં શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમનું પોતાના તરફથી નિર્માણ કરવાનાર લાડનુંનિવાસી (કલકત્તાવાસી) સ્વ૦ શ્રીમાન્ શેઠ શ્રી વચ્છરાજજી ગંગવાલના સુપુત્ર, ધર્મ તેમ જ સમાજ સેવક, દિ. જૈન મહાસમિતિના માનનીય અધ્યક્ષ શ્રીમાન્ રતનલાલજી ગંગવાલનું તા. ૧૩-૮-૯૪ના રોજ દિલ્હીમાં દેહાવસાન થયું છે. સદ્ગત આત્માને પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ પૂજ્ય ભગવતી માતા પ્રતિ ઘણી શ્રદ્ધાભક્તિ હતી. તેઓ કેટલીય વાર સોનગઢ આવીને બન્ને પૂજ્ય મહાત્માઓના પવિત્ર દર્શન તેમ જ સદુપદેશનો લાભ લેતા હતા. આપે થોડો સમય શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના ટ્રસ્ટીના રૂપમાં સેવા આપી હતી. આપના ચિર વિયોગથી આપના પરિવાર તેમ જ સમાજને એક બહુ મોટી અપૂરણીય ક્ષતિ પહોંચી છે. આપનો આત્મા ઉપાર્જિત ધાર્મિક સંસ્કારોના બળે મોક્ષમાર્ગ પ્રાપ્ત કરીને શીઘ્ર પૂર્ણ પરમાનન્દદશાને પ્રાપ્ત થાઓ -એ જ આપના પ્રતિ શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તેમ જ સમસ્ત દિ. જૈન મુમુક્ષુમંડળની વૈરાગ્યભાવભીની સમવેદનાંજલિ.

વૈરાગ્ય-સમાચાર—

## ભગવતી માતાનાં ભાભી સુશીલાબેનનો (મામીનો) સ્વર્ગવાસ

પરમ-તારણહાર પૂજ્ય કહાનગુરુદેવના પરમભક્ત, કુંદકુંદ-પંચપરમાગમના ગુજરાતી અનુવાદક આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ (મામા)નાં ધર્મપત્ની શ્રી સુશીલાબેન (વર્ષ-૮૧)નો સોનગઢમાં તા. ૩-૯-૯૪ના રોજ સ્વર્ગવાસ થયો છે. દિવંગત સુશીલાબેન પોતાનાં નણંદ પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનનાં અનન્ય કૃપાપાત્ર હતા. પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય ભગવતી માતાનો આપણા મુમુક્ષુસમાજ ઉપર લોકોત્તર ઉપકાર તો છે જ; પણ જેમ આદરણીય પંડિતજીનો, અનુવાદો દ્વારા, વિશિષ્ટ ઉપકાર છે તેમ સ્વ. શ્રી સુશીલાબેને (મામીએ), પૂજ્ય માતાજીની સાધના-સમયના પત્રો ૬૦ વર્ષ સુધી જાળવી રાખીને, 'બહેનશ્રીની સાધના અને વાણી'માં મુમુક્ષુસમાજને જે એક અનોખી ભેટ આપી છે, તથા 'કુંવરીને ખમા ખમા કરતી', 'આજ મંગળ મંદિર દ્વાર ખૂલ્યાં', 'દર્શન દો માતા મોરી' આદિ અનેક ભાવવાહી ગીતોની રચના વગેરે દ્વારા મળેલા લાભથી આપણે તેમના ઋણી છીએ. તેમના પ્રત્યક્ષ સમાગમમાં આવનાર ઘણા મુમુક્ષુઓને ભગવતી માતાની આત્મસાધના વિષે ઘણું જાણવાનો લાભ મળ્યો છે. આવો પ્રબળ ધર્મ-સંસ્કારી આત્મા ધર્મરુચિ અને પુરુષાર્થના બળે આત્મસાધના સાધી શીઘ્ર પરમાનંદદશારૂપ મોક્ષને પ્રાપ્ત થાઓ એ જ સ્વર્ગસ્થ પ્રત્યે વેદનભીની ભાવાંજલિ.

* ભાવનગરનિવાસી બ્ર. નિર્મળાબેન હરિલાલ ભાયાણી (વર્ષ-૭૫) તા. ૩-૬-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વર્ષો સુધી સોનગઢમાં રહીને પૂજ્ય ગુરુદેવશ્રીનો ઘણો જ લાભ લીધો હતો. તેઓને તત્ત્વની ઘણી રુચિ ને અભ્યાસ હતો. લાંબી માંદગી દરમ્યાન પણ આત્મભાવના વિશેષ ઘૂંટતા રહ્યા હતા. અંતસમય સુધી જાગૃતિપૂર્વક દેહવિલય પામ્યા હતા.

—સ્વર્ગસ્થ આત્માઓ ગુરુકૃપાથી પ્રાપ્ત આત્મસંસ્કારો વડે શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

એક શરણભૂત માત્ર પોતાનો આત્મા છે એમ વિચાર કરીને સજ્જનોએ આત્મિક કામ કરવામાં વાર લગાવવી ન જોઈએ. આવો મનુષ્યદેહ, પાંચ ઇન્દ્રિય અને જૈનધર્મ મળ્યા પછી આત્મહિતના કાર્યમાં વાર ન લગાડીશ. આજે જ કરજે. અમૃતચંદ્ર આચાર્ય પ્રવચનસારમાં કહે છે કે આજે જ તારું હિત સાધી લે. વિલંબ ન કર ! —અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવ

દોષ ન ગહિયો કોય, ગુણ ગહ પઢિયે ભાવસોં,
ભૂલચૂક જો હોય, અર્થ વિચારી જુ શોધિયો.

જાણ્યે-અજાણ્યે જે કાંઈ અપરાધો થયા હોય તે સર્વની આત્મધર્મ-પરિવાર ક્ષમા માગે છે. —સંપાદક

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shree Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/-
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/-
[ વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/- પોસ્ટેજના અલગ ]

A ૧૪૨૬ શ્રી ધીરજલાલ પી. દેસાઈ ઓફિસર
લોકભારતી, મુ. પો. ઓફિસ,
વાયા-સોનગઢ સણોસરા—૩૬૪૨૩૦ (સૌ.)